શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

# સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ટે.: ૨૨૧૪૪૩૪૩

વર્ષ : ૮ - અંક : ૫૦ - ડિસે.-૨૦૨૧




WE WORK TOGETHER WE ARE A TEAM WE WILL SUCCEED

# UNIQUE ROTOPACK PVT LTD

Plot No 6,
Swastik Industrial Estate,
Nr. Virat Industrial Estate,
Indore Highway,
Tal. Daskroi Gram, Chandial,
AHMEDABAD Gujarat 382430






## MANUFACTURER:

Flexible Laminated Pouch
Mono Cartons
Specialized Boxes
Corrugated Cartons
Labels • Stickers




Tarunkumar V. Dhrafani
Bhupeshkumar V. Dhrafani
Anil Kumar V. Dhrafani
93771 72545

INDUSTRIES SERVED

AGARBATTI · FOOD · FMCG · AGRICULTURE · PHARMACEUTICAL · AND MANY MORE

AHMEDABAD · Info@urplindia.com · www.urplindia.com

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

# સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

પ્રકાશન : સપ્ટે.-૨૦૨૧ • વર્ષ : ૯ • અંક : ૫૦

## સ્નેહસેતુમાં જાહેરાતના દર

| વિગત | | આખુ પાનુ | અડધુ પાનુ | ૧/૪ પાનુ |
|---|---|---|---|---|
| આખા વર્ષના (કુલ અંક-૪) | કવર (મલ્ટીકલર) | ૧૫,૦૦૦/- | ૮,૦૦૦/- | --- |
| | ઈનસાઈડ કવર (મલ્ટીકલર) | ૧૨,૦૦૦/- | ૬,૫૦૦/- | --- |
| એક અંકના | મલ્ટીકલર પ્રિન્ટીંગ | ૪,૦૦૦/- | ૨,૫૦૦/- | --- |
| | સીંગલકલર પ્રિન્ટીંગ | ૧,૨૦૦/- | ૬૦૦/- | ૩૦૦/- |

## લખાણ મોકલવા અંગે

સંસ્થાના સભ્યો પોતાના વિચારો અને મંતવ્યો માનદ્મંત્રીશ્રીને મોકલી શકે છે. ઉપરાંત બાળકો, યુવકો, યુવતીઓ કે અન્ય સભ્યોએ કોઈ ક્ષેત્રે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ઉચ્ચ માન–સન્માન મેળવેલ હોય તેઓ પણ પોતાની વિગત ફોટા સાથે ‘સ્નેહ–સેતુ’માં પ્રકાશન અર્થે મોકલી શકે છે. અનુકૂળતા મુજબ તે પ્રકાશિત કરવામાં આવશે.

- માનદ્ મંત્રીશ્રી

નોંધ: સ્નેહ–સેતુમાં પ્રકાશિત થતા લેખો લેખકોના પોતાના વિચારો, મંતવ્યો અને સંકલન છે. તેમના આ વિચારો, મંતવ્યો કે સંકલિત માહિતી સાથે તંત્રી કે સંસ્થાના હોદ્દેદારો સહમત હોય તે જરૂરી નથી.

- માનદ્ મંત્રીશ્રી

## અનુક્રમણિકા


૧. સભ્યપદ અંગે / દવાના બીલોમાં ૫૦% સહાય અંગે... ૦૨
૨. પ્રથમ સોપાન ૦૩
૩. દુ:ખદ અવસાન સમયે ૦૪
૪. માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ ૦૫
૫. મજા કરો મજા ૦૬
૬. કોષાધ્યક્ષ અહેવાલ ૦૭
૭. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ ૦૮
૮. વેબસાઈટ લોન્ચીંગ ૦૯
૯. આસ કહ રહી શ્વાસસે, ધીરજ ધરના શીખ... – પ્રવિણભાઈ સોલંકી ૧૧
૧૦. વડીલ વિભાગ – શ્રી વૃજલાલ એમ. દોશી ૧૩
૧૧. શ્રદ્ધાંજલિ ૧૬
૧૨. જોઈએ ભાઈ જોઈએ... – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી ‘જય ગીરી’ ૧૭
૧૩. હક્ક અને ફરજ – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી ‘જય ગીરી’ ૧૮
૧૪. જીવનમાં સંબંધ અને સંબંધમાં જીવન – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન) ૧૯
૧૫. અદ્‌ભૂત જિંદગી એક અલૌકિક જિંદગી–જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન) ૨૦
૧૬. મન્ડે માર્ક : રાજીવ મણીયાર ૨૧
૧૭. સુખ, સંવાદિતા આપતું પ્રેરક બળ – પ્રેમ... – નિરંજનભાઈ દામાણી ૨૩
૧૮. સ્મિત (હાસ્ય) એક દિવ્ય ઔષધ – પ્રદીપભાઈ વડોદરીયા ૨૫
૧૯. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ પછીના ધરતીકંપનું... – સુનીલ ચાંદોરીકર ૨૭
૨૦. નારી તું નારાયણી... – શ્રીમતી રશ્મીબેન શાહ ૨૯
૨૧. ધ્યાન રાખજો ક્યાંક મોબાઈલ તમારા... – શ્રીમતી સુષ્માબેન રાઠોડ ૩૧
૨૨. મહિલા વિભાગ – અમૂલ્ય મંત્ર... – શ્રીમતી જયશ્રીબેન ઠાર ૩૩
૨૩. વાનગી વિભાગ – નીતાબેન ગાંધી ૩૫
૨૪. બાળ વિભાગ – સેજલબેન પરીખ ૩૭
૨૫. સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ ૩૯
૨૬. સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ ૪૦

## સભ્યપદ અંગે ખાસ

- સંસ્થાના નિયમ મુજબ જે નામનું સભ્યપદ હશે તે સભ્યનું અવસાન થતાં તે સભ્યપદ રદ ગણાશે.
- આવા સંજોગોમાં સભ્યના વારસદારે કે પરિવાર ઈચ્છે તે કોઈપણ પુખ્ત ઉંમરની વ્યક્તિએ સભ્યપદ મેળવવાનું રહેશે.
- સભ્યના અવસાન બાદ જો આ રીતે નવું સભ્યપદ મેળવવામાં નહીં આવે તો તે પરિવારો સંસ્થાની વિવિધ યોજનાના લાભથી વંચિત રહેશે.

**આ અંગે ધ્યાન દોરવાનું કે...**

- હાલમાં સંસ્થાના ઘણા પરિવારોએ આ નિયમ મુજબ નવું સભ્યપદ મેળવેલ નથી.
- પરિવારમાંથી અલગ રહેવા ગયેલ ઘણા સભ્યોએ પણ હજું નવું સભ્યપદ મેળવેલ નથી.
- સંસ્થાની સહાયક યોજના માટે આવતી અરજીઓમાં આ વિસંગતતા જોવા મળે છે.

**તેથી આગામી તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીમાં**

- જે સભ્યોનું અવસાન થયું હોય તેઓના પરિવારજનોએ નવું સભ્યપદ મેળવી લેવું.
- અલગ રહેવા ગયેલા સભ્યોએ પણ નવું સભ્યપદ મેળવી લેવું.
- તા. ૩૧-૩-૨૦૨૨ સુધીમાં હાલની સભ્યપદ ફી રૂા. ૫૦૦/- ભરી સભ્યપદ મેળવી શકાશે. ત્યારબાદ સંસ્થાની કારોબારી નક્કી કરશે તે પ્રમાણે ફી ભરવાની રહેશે.

**ખાસ નોંધઃ** જે નામનું સભ્યપદ હશે તેના પરિવારને જ સંસ્થાની વિવિધ યોજનાનો લાભ મળશે તે ધ્યાનમાં લેશો.

**ઉપરાંત, સંસ્થાના નિયમ મુજબ એક સાથે રહેતા પરિવારજનો પણ અલગ-અલગ સભ્યપદ લઈ શકે છે. પરિવારની સભ્યપદ ધરાવતી વ્યક્તિ ઉપરાંત પરિવારની પુખ્ત ઉંમરની કોઈપણ વ્યક્તિ સભ્યપદ મેળવી શકે છે. તેની પણ નોંધ લઈ ઈચ્છા ધરાવતા ભાઈઓ-બહેનો સભ્યપદ મેળવી શકશે.**

**- કમલેશ મુછાળા (માનદ્ મંત્રી)**

**(સંસ્થાના સભ્ય થવાનું ફોર્મ આ અંકના છેલ્લા પાના ઉપર પ્રકાશિત કરેલ છે)**

## દવાના બીલોમાં અપાતી ૫૦% સહાય અંગે ખાસ

- દવાના બીલો પુરા થયેલ મહિના પછીના મહિને ૧૦ તારીખ સુધીમાં મોકલવા. ૨ મહિનાથી જૂના બીલો ધ્યાનમાં લેવામાં નહીં આવે. પેમેન્ટ બે મહિનાનું સાથે મોકલવામાં આવશે.
- ફક્ત દવાના બીલો જ મોકલવા. ડોક્ટરના ફીના બીલો, લેબોરેટરીના બીલો, અન્ય રિપોર્ટના બીલો કે કોસ્મેટીકના બીલો મોકલવા નહીં.
- બીલની સાથે અલગ કાગળ ઉપર (૧) બીલ નં. (૨) તારીખ (૩) બીલની રકમની વિગત સાથે કુલ રકમની યાદી મોકલવી.
- બીલમાં દર્દીનું નામ અને ડોક્ટરનું નામ, સભ્યપદ નં. અને મોબાઈલ નં. અવશ્ય લખવું. સાથે ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શનની નકલ ખાસ મોકલવાની રહેશે.
- ઉપર જણાવ્યા મુજબ બીલો જ ૫૦ ટકા સહાય માટે ધ્યાનમાં લેવામાં આવશે.

ખાસ નોંધ: સમાજના સભ્ય થયેલ હશે તે જ પરિવારને આ લાભ મળશે.

**- પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીઓ**

# પ્રથમ સોપાન



સર્વે સ્નેહી સ્વજનો,

ઉત્તરાયણની અંતરની શુભકામનાઓ.

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે તમો બધા ઉત્તરાયણની મજા માણીને તેને વાગોળતા હશો.

ઉત્તરાયણ (મકરસંક્રાંતિ) એટલે તલની ચીકી, શીંગની ચીકી અને ઉંધીયું આરોગવાનો, ગીત–સંગીતની ધમાલ સાથે પતંગ – તુકલ ઉડાડવાનો અને કાયપો છે.. કાયપો છે.. એ લપેટ... એ લપેટ... નાં હાકલા–પડકારા કરવાનો તહેવાર.

આવતું વર્ષ બધા માટે ચીકી જેવું મીઠાશવાળું, ઉંધીયા જેવું ચટપટું અને પતંગ જેવું રંગબેરંગી બની રહે તેવી હાર્દિક શુભેચ્છા.

મકરસંક્રાંતિ પર્વ બીજી રીતે પણ ઘણું મહત્ત્વ ધરાવે છે. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશ કરે તેને સંક્રાંત કહે છે. તા. ૧૪ જાન્યુઆરીએ સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે તેથી આ દિવસને મકરસંક્રાંતિ કહેવામાં આવે છે. ઉપરાંત આ દિવસે સૂર્ય પૃથ્વીના ઉત્તર ગોળાર્ધ તરફ ગતિ શરૂ કરે છે તેથી આ દિવસને ઉત્તરાયણ પણ કહેવામાં આવે છે.

મકરસંક્રાંતિને પંજાબમાં લોહરી, આસામમાં ભોગાલી બિહુ, તામીલનાડુમાં પોંગલ, કર્ણાટકમાં સંક્રાન્ત, ગુજરાત–રાજસ્થાનમાં મકરસંક્રાંતિ, મહારાષ્ટ્રમાં સંક્રાંત તો નેપાળમાં માઘી, મ્યાનમારમાં થિંગયાન જેવા વિવિધ નામોથી ઉજવવામાં આવે છે. આમ મકરસંક્રાંતિ એ રાષ્ટ્રીય તેમજ દક્ષિણ પૂર્વ એશીયાનો તહેવાર છે.

મકરસંક્રાંતિ એટલે નવી ફસલની કાપણી અને લણણી કરવાનો શુભ સમય. શાસ્ત્રોમાં કહ્યું છે કે આ દિવસે દાન–ધર્મ કરી મેળવેલ પુણ્ય ઘણું મહત્ત્વનું છે. આ દિવસે ખીચડી, તલ–ગોળની ચીકી, ઘાસ વિગેરેના દાનનો ખાસ મહિમા છે. વિવિધરંગી પતંગો, આકાશમા ઉંચે ચડીને મેઘધનુષી રંગોથી ભાઈચારાનો, પ્રેમનો, સમાનતાનો અને એકબીજાને સહાયરૂપ બની **"સર્વેના સુખીના ભવન્તું"** – નો સંદેશો આપે છે.

આવો – આપણે પણ આપસી સહયોગથી આ સપરમા દિવસે આપણા જરૂરિયાતમંદ સ્વજનોને હસી–ખુશીના મેઘધનુષી રંગો દ્વારા ખુશહાલ રાખવાની શરૂઆત કરીએ. મકરસંક્રાંતિના આજના શુભ પર્વથી આપણે પણ એક અનુકરણીય યોજના શરૂ કરીએ છીએ. આ યોજના એટલે...

"MAKE HAPPY - BE HAPPY (બીજાને ખુશ કરીને ખુશ થઈએ)" ગ્રુપની શરૂઆત.

સંસ્થાના સર્વે સભ્યશ્રીઓ,

સંસ્થાના જરૂરિયાતમંદ સભ્યોને આપણી સંસ્થા પોતાની ક્ષમતા મુજબ મર્યાદિત આર્થિક સહાય કરે છે તે આપ સૌ જાણો છો. અમુક સભ્યોને અચાનક આવી પડતા મોટા તબીબી ખર્ચા માટે વધારાની આર્થિક સહાયની જરૂર પડે છે. છેલ્લા ઘણા વર્ષોથી વ.શ્રી અનિલભાઈ દોશીના વડપણ નીચે અમો એક નાના ગ્રુપ દ્વારા સમયાંતરે અંગત રીતે વધારાની સહાય આપતા રહ્યા છીએ. પરંતુ તેમાં પણ મર્યાદા આવી જાય છે.

છેલ્લા બે વર્ષના કપરા કાળમાં આપણા જ સ્વજનોને સહાયરૂપ થવા માટે અસંખ્ય સભ્યોએ સ્વૈચ્છિક સહકાર આપેલ હતો. આપણા જ સ્વજનોને સહાયરૂપ થવાની ભાવનાવાળા આવા સભ્યોનું મોટું ગ્રુપ બનાવીએ

તો આપણે જરૂરિયાતમંદ સભ્યોને સરળતાથી વધારે સહાયરૂપ થઈ શકીએ. "ઝાઝા હાથ રળિયામણા."

આ શુભ આશયથી જ **MAKE HAPPY - BE HAPPY** નામનું ગ્રુપ બનાવેલ છે. શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદના જરૂરિયાતમંદ સભ્યની તબીબી સહાયની અરજીની યોગ્ય ચકાસણી બાદ તેમની પરિસ્થિતીને આધીન સહાયની યોગ્ય રકમ નક્કી કરવામાં આવશે. ગ્રુપના સભ્યને યોગ્ય લાગે તેટલી નાની–મોટી રકમ લાભાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરાવવાની હોય છે. દરેક વખતે કોન્ટ્રીબ્યુશન આપવું સ્વૈચ્છિક છે.

વધુમાં વધુ સભ્યોને આ ઉમદા સેવાકીય કાર્યમાં સહભાગી થવા **MAKE HAPPY - BE HAPPY** ગ્રુપમાં જોડાવા હાર્દિક અપીલ કરીએ છીએ. તમો ગ્રુપમાં જોડાઓ અને બીજાને ગ્રુપમાં જોડાવા પ્રોત્સાહિત કરો તેવી વિનંતી. કોઈપણ ટ્રસ્ટીને મેસેજ કરી તમો આ ગ્રુપમાં જોડાઈ શકો છો. ઉપરાંત **SDMM** ગ્રુપ નં. ૧ અને ૨ તથા મોઢ માંડલિયા વણિક ગ્રુપમાં આની લીંક મોકલવામાં આવશે તો તમે ડાયરેક્ટ ગ્રુપમાં જોડાઈ શકશો.

બધાના સાથ – સહકારની અપેક્ષા સહ.

સ્વચ્છ રહો... મસ્ત રહો...

**- બકુલ દોશી**

# દુ:ખદ અવસાન સમયે ભોજન વ્યવસ્થા

સ્નેહી પરિવારજનો,

સંસ્થા દ્વારા આ માનદ્ સેવા ચાલુ છે.

પરિવારમાં કોઈ સ્વજનનું અવસાન થાય ત્યારે તેમના પરિવારજનો અને અંતરંગ સગાઓ સ્વજન ગુમાવ્યાની ગમગીનીમાં ક્ષુબ્ધ હોય છે અને સ્વર્ગસ્થના અંતિમ પ્રયાણની તૈયારીમાં વ્યસ્ત હોય છે. આવા દુ:ખદ સમયે ઘરમાં રસોઈ બનાવવાનું શક્ય ન હોય તે સ્વાભાવિક છે અને તેથી ભોજન માટેની વ્યવસ્થા અન્યત્ર કરવાની દોડધામ રહે છે.

આપણે બધાએ જોયેલી અને કદાચ અનુભવેલી આ કાયમી વિટંબણા છે. આ માટે આવા દુ:ખદ સમયે જે તે પરિવારને ઓછામાં ઓછા એક સમયની ભોજનની વ્યવસ્થા કરી શકીએ તો તેઓને સહકારરૂપ થવા સાથે તેમના દુ:ખમાં સહભાગી પણ થઈ શકીએ.

આ માટે આ મુજબની વ્યવસ્થા નક્કી કરેલ છે: જે પરિવારમાં આવી દુ:ખદ ઘટના બને તે પરિવારના સભ્યે કે તેમના નજીકના સગાએ માનદ્ મંત્રીશ્રી કમલેશભાઈ મુછાળા (૯૮૨૫૩ ૨૩૩૭૦), શ્રી બળવંતરાય શાહ (૯૮૭૯૫ ૯૪૩૧૮) અથવા કોઈપણ ટ્રસ્ટીનો સંપર્ક કરી – (૧) નામ, પૂરૂં સરનામું, ફોન નં. (૨) ક્યા સમય માટે (બપોરનું કે રાત્રિ ભોજન) અને (૩) કેટલા સભ્ય માટે ભોજનની વ્યવસ્થા કરવાની છે તેની વિગત આપવી.

(વ્યવસ્થામાં સુવિધા રહે તે માટે ૩ થી ૪ કલાકનો સમય આપવા વિનંતી).

જણાવેલ સભ્ય સંખ્યા મુજબનું ભોજન સમયસર ઘેર પહોંચતું કરવામાં આવશે. ભોજન તૈયાર કરીને ઘેર પહોંચતું કરવા સુધીની તમામ વ્યવસ્થાની માનદ્ સેવા **શ્રી બળવંતરાય શશીકાંત શાહ (કલ્યાણી)** આપે છે.

ન કરે નારાયણ ને કોઈ પરિવારમાં આવો અઘટીત બનાવ બનશે તો સદ્ગતને શ્રદ્ધાંજલિ સાથે પરિવારજનોના દુ:ખમાં સહભાગી થઈશું. જયશ્રી કૃષ્ણ, જય સ્વામીનારાયણ.

**- પ્રમુખશ્રી, સર્વે ટ્રસ્ટીઓ તથા યુથ વીંગ-મહિલા વિંગના સભ્યો**

# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ



**- શ્રી કમલેશ મુછાળા**

સ્નેહી સભ્યશ્રીઓ,

આપ સૌને ઈસુના નવા વર્ષ ૨૦૨૨ની શુભેચ્છાઓ.

ઈશ્વર આપણને સૌને તંદુરસ્ત અને આનંદમય રાખે તેવી પ્રાર્થના.

**સંસ્થાની નવી સભ્યપદ ફીઃ** સ્નેહસેતુના ગત અંક નં. ૪૯ માં તા. ૧–૪–૨૦૨૨ થી સભ્યપદ ફીમાં વધારો કરવા અંગે જણાવવામાં આવેલ. આ અનુસંધાને ટ્રસ્ટીમંડળ દ્વારા તા. ૧–૪–૨૦૨૨ થી સભ્યપદ ફી એક પરિવાર દીઠ (એક રસોડે જમતા વ્યક્તિઓ) રૂા ૧૫૦૦/– કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ આજીવન સભ્યપદ ફી છે. આથી સંસ્થાના જે સભ્યો પરિવારથી અલગ રહેવા ગયા હોય અથવા જેના નામે સભ્યપદ હોય તે વ્યક્તિનું અવસાન થયેલ હોય તો તેમના પરિવારની પુખ્ત ઉંમરની વ્યક્તિના નામે નવું સભ્યપદ તા. ૩૧–૩–૨૦૨૨ સુધીમાં રૂા. ૫૦૦/– ભરી મેળવી લેવા ખાસ વિનંતી. ઉપરાંત બહારગામથી રહેવા આવેલ સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા પરિવારોને પણ સભ્યપદ મેળવી લેવા નિમંત્રણ છે. (સંસ્થાના સભ્યોને બહારગામથી રહેવા આવેલા આપણા જ્ઞાતિજનોની માહિતી હોય તો તેઓને સભ્યપદ મેળવી લેવા જણાવવું.)

**એકલા રહેતા, અશક્ત, અસહાય વડીલોને મદદરૂપ થવા અંગેઃ** સંસ્થા દ્વારા સંસ્થાના સભ્યોને સહાયરૂપ થવાના કાર્યને અગ્રતાક્રમ આપવામાં આવે છે તે આપણે સૌ જાણીએ છીએ. આ બાબતને લક્ષમાં લઈ સંસ્થાના એકલા રહેતા અશક્ત, અસહાય વડીલોને મદદરૂપ થઈ શકાય તેવી કોઈ વ્યવસ્થા ગોઠવવાની એક ઉમદા દરખાસ્ત ટ્રસ્ટીઓની મિટીંગમાં રજૂ કરવામાં આવેલ.

જો એરીયાવાઈઝ બે થી ત્રણ સ્વયંસેવકોની વ્યવસ્થા કરી શકીએ તો આ યોજનાનો સરળતાથી અમલ થઈ શકે. સંસ્થાના સેવાકીય કાર્ય કરવાના ઉત્સાહી ભાઈઓ, બહેનો, યુવાનો કે યુવતીઓ આ કાર્ય માટે આગળ આવે તો આ વ્યવસ્થા ગોઠવવી સહેલી બની રહે. જેઓને આ માનદ્ સેવામાં જોડવાની ઈચ્છા હોય તેઓને ઉપપ્રમુખશ્રી દીલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦ ૩૬૫૩૧) અથવા માનદ્ મંત્રીશ્રી કમલેશ મુછાળા (૯૮૨૫૩ ૨૩૩૭૦) અથવા સહમંત્રીશ્રી મનીષભાઈ મહેતા (૯૩૭૫૦ ૫૨૫૧૧) નો સંપર્ક કરવા વિનંતી.

મદદની જરૂરિયાતવાળા વડીલોને દવા લાવવા, જીવન જરૂરિયાતની વસ્તુઓ લાવવા, જરૂરત સમયે ડૉક્ટરની વ્યવસ્થા કે હોસ્પીટલાઈઝેશનની જરૂર હોય ત્યારે કે અન્ય કામો માટે મદદરૂપ થઈ શકીએ. ઉપરાંત આવા વડીલોને વર્ષમાં એક – બે વખત પીકનીક પર લઈ જઈ શકીએ કે ધાર્મિક પ્રવાસો કરાવી શકીએ.

અમને આશા છે કે પોતાના કિંમતી સમયમાંથી થોડો સમય કાઢી આ કાર્ય માટે સૌ આગળ આવશે.

**સંસ્થાનો વાર્ષિક મેળાવડો :** આપણે સૌ જાણીએ છીએ કે, કોરોનાના એક પછી એક નવા વેરીઅન્ટ આવતા રહે છે અને તેથી તેનું જોખમ ઓછું થતું નથી. આ કારણસર સરકાર દ્વારા પણ મોટા સમારંભ માટેની છૂટછાટ આપવામાં આવેલ નથી. આ કારણસર અને બધાના સ્વાસ્થ્યનો મુદ્દો ધ્યાનમાં લઈ આ વર્ષે આપણી સંસ્થાનો વાર્ષિક મેળાવડો મુલતવી રાખવામાં આવેલ છે તેની નોંધ લેશો.

કોરોના હજુ સંપૂર્ણપણે ગયો નથી. માસ્ક પહેરતા રહો. સામાજિક દૂરી રાખતા રહો. ભીડભાડમાં જવાનું ટાળતા રહો. સેનેટાઈઝરનો ઉપયોગ કરતા રહો અને સાબુથી હાથ ધોતા રહો તેવી વિનંતી.

બધા સ્વસ્થ રહો.. તંદુરસ્ત રહો... તેવી શુભેચ્છા

# મજા કરો મજા...

બીજાની ભૂલ કાઢવા માટે ભેજું જોઈએ અને
પોતાની ભૂલ સ્વિકારવા માટે કલેજું જોઈએ.

ઉગતો સૂર્ય અને દોડતા ઘોડાના પોસ્ટર રાખવાથી
પ્રગતિ થતી નથી. પ્રગતિ માટે સૂર્ય
પહેલા ઉઠીને ઘોડાની જેમ દોડવું પડે છે.

માં નો રોટલો અને
બાપનો એટલો.
આ અલૌકિક પ્રેમ ભાગ્યશાળીને જ
મળે છે.

અજવાળું જોનારની આંખમાં
અને રજવાડું જોનારના
સ્વભાવમાં હોય છે.

સમય કેમ હંમેશાં આગળ
વધતો જાય છે?
કારણ કે ઘડીયાળના
કાંટા એકબીજાને
નડતા નથી.

મઝાને ક્યારેય
પેન્ડીંગ રાખશો નહીં.
કેમ કે,
સમયનું ક્યારેય
રીઝર્વેશન હોતું નથી.

ક્રોધ  એ અશાંતિની આમંત્રણ પત્રિકા છે.

જો દાન કરવું હોય તો
ભૂખ્યા માટે ખાવાનું કરજો.
મંદિરમાં ભગવાનને ભૂખ લાગતી નથી.

ચિત્રકારની કરામતથી એક
આકાર તૈયાર થાય તે ચિત્ર,
પણ કોરા આકારવાળી
જિંદગીને રંગીન કરી આપે
તે મિત્ર...

સુખનું શેડ્યુઅલ ન હોય,
આનંદની એપોઈન્ટમેન્ટ ન હોય,
ને પ્રેમનું પ્લાનીંગ ન હોય.
જિંદગી જોશ અને ઉત્સાહથી જીવો,
એમાં વિચારવાનું ન હોય.

જેનું સર્જન છે તેનું વિસર્જન પણ છે જ.
આ વાત સમજાવવા જ ગણપતિબાપા દર વર્ષે આવે છે.
આવતા વર્ષે વહેલા વહેલા આવજો.

એવી કોઈ વ્યક્તિ નથી જેને સમસ્યા ન હોય
અને
એવી કોઈ સમસ્યા નથી જેનું સમાધાન ન હોય.

સફરની મઝા લેવી હોય તો
સામાન ઓછો રાખવો,
અને
જિંદગીની મઝા લેવી હોય તો
અરમાન ઓછા રાખવા.

કોઈને આપી શકાય તેવી શ્રેષ્ઠ ભેટ છે,
તેની જરૂરિયાત પર આપણી હાજરી..

સંબંધ બાંધવા એ લોન લેવા જેટલા સહેલા હોય છે,
પણ
તેને નિભાવવા એ હપ્તા ભરવા જેટલા અઘરા હોય છે.

**આભાર સહ...**
**સૌજન્યઃ શ્રી મૌલિન વૈષ્ણવ (વડોદરા)**

# કોષાધ્યક્ષ અહેવાલ



**શ્રી ભૂપેન્દ્ર પારેખ**
**(કોષાધ્યક્ષ)**

**સ્નેહી સભ્યશ્રીઓ,**

**જય શ્રી કૃષ્ણ.**

**સપ્ટેમ્બર-૨૦૨૧ ના અંક બાદ નીચે મુજબ ખુશી ભેટ સંસ્થાના સભ્યો તરફથી સમાજને મળેલ છે. તેની યાદી અત્રે પ્રસ્તુત કરેલ છે:**

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦-૦૦ | ઉષાબેન એમ. કોઠારી (મેડીકલ ફંડ) |
| રૂા. | ૫,૦૦૦-૦૦ | ચેતનાબેન રમેશભાઈ શાહ (મેડીકલ ફંડ) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ આર. કોઠારી (મેડીકલ ફંડ) (તા. ૨-૧૧-૨૦૨૧) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ આર. કોઠારી (મેડીકલ ફંડ) (તા. ૨-૧૨-૨૦૨૧) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી જીતેશભાઈ (રાજુભાઈ) હીરાલાલ દામાણી તરફથી ૨૫મી વેડીંગ એનિવર્સરી નિમિત્તે |
| રૂા. | ૧,૫૦૦-૦૦ | સ્વ. નવીનચંદ્ર અમીચંદ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે (હસ્તે દિલીપભાઈ ગાંધી) |
| રૂા. | ૧,૧૦૦-૦૦ | શ્રી કૌશિકભાઈ ઘનશ્યામભાઈ પારેખ (મેડીકલ ફંડ) |
| રૂા. | ૫૦૧-૦૦ | ભુપેન્દ્ર રતિલાલ પારેખ (માતુશ્રીની તિથી નિમિત્તે) |
| **રૂા.** | **૨૫,૪૦૦-૦૦** | **કુલ રકમ** |

**ઉપરોક્ત દરેક દાતાઓનો ટ્રસ્ટી મંડળ વતી હું હૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું. આપનું અનુદાન કોઈપણ ટ્રસ્ટી સભ્યને અથવા નીચે આપેલ બેંકની વિગતમાં ડાયરેક્ટ જમા કરાવીને જાણ કરશોજી.**

**સંસ્થાના બેંક ખાતાની વિગત**

**A/c. Name: SHREE SAURASHTRA DASHA MODH MANDLIA VANIK MAHAAN**
**Bank: BANK OF INDIA**
**Branch : RAILWAYPURA BRANCH**
**SB A/C. NO.: 201710100009502 - IFSC CODE : BKID0002017**

## તા. ૨૬-૦૧-૨૦૨૨, સવારે ૧૦-૦૦ કલાકે

### સંસ્થાની વેબસાઈટની શરૂઆત

**આપણી સંસ્થાની વેબસાઈટ તા. ૨૬-૧૧-૨૦૨૨, સવારે ૧૦-૦૦ કલાકે ખુલ્લી મુકવામાં આવશે. સંસ્થાના બધા સભ્યોને વેબસાઈટના વર્ચ્યુઅલ લોન્ચીંગમાં ભાગ લેવા ખાસ આમંત્રણ છે. વિગતવાર માહિતી સહમંત્રી શ્રી મનીષભાઈ દ્વારા આ અંકમાં આપવામાં આવે છે.**

**- કમલેશ મુછાળા, માનદ્ મંત્રી**

# શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ



- શ્રી રાજુભાઈ દામાણી (માનદ્ મંત્રીશ્રી)

સંસ્થાના સર્વે સભ્યશ્રીઓ,

સ્નેહસેતુના છેલ્લા અંક નં. ૪૯ માં પ્રકાશિત કરેલ અનુદાનની યાદી પછી સંસ્થાને "કીચન કીટ" યોજનામાં મળેલ અનુદાનની યાદી નીચે મુજબ છે:

| | |
|---|---|
| રૂા. ૧૫,૦૦૦–૦૦ | શ્રી વિમલભાઈ આર. મુછાળા |
| રૂા. ૧૫,૦૦૦–૦૦ | શ્રી કિશોરભાઈ એન. ગાંધી (યુ.એસ.એ.) |
| રૂા. ૧૫,૦૦૦–૦૦ | શ્રી ધીરેનભાઈ કે. ગાંધી (યુ.એસ.એ.) |
| રૂા. ૧૫,૦૦૦–૦૦ | સ્વ. શાંતિલાલ શાહ તથા સ્વ. મધુબેન શાંતિલાલ શાહના સ્મરણાર્થે (હ. દીપા ધીરેનભાઈ ગાંધી, યુ.એસ.એ.) |
| રૂા. ૧૫,૦૦૦–૦૦ | ચેતનાબેન ચારૂદત્તભાઈ શાહ (મુંબઈ) |
| રૂા. ૧૧,૦૦૦–૦૦ | શ્રી જીતુભાઈ જી. શાહ |
| રૂા. ૩,૦૦૦–૦૦ | પીકનીકમાં ગયેલ ટ્રસ્ટીઓ તરફથી ખુશાલી ભેટ |
| **રૂા. ૮૯,૦૦૦-૦૦** | |

આ કાર્યમાં અનુદાન આપી સેવાકીય ભાવના પ્રદર્શિત કરનાર તમામ દાતાશ્રીઓનો સંસ્થા વતી હાર્દિક આભાર માનું છું.

આપ સર્વે જાણો છો કે, છેલ્લા ઘણાં વર્ષોથી દર મહિને ૨૮ થી ૩૦ જરૂરિયાતમંદ પરિવારોને નિયમીત "કીચન કીટ" મોકલવામાં આવે છે. સાથે સાથે દિવાળીના તહેવારોમાં "દિવાળી શુભેચ્છા કીટ" અને કેરીની સીઝનમાં કેરીનું ૧ બોક્સ પણ મોકલવામાં આવે છે.

સર્વે સભ્યોને હાર્દિક વિનંતી છે કે, તમારે ત્યાં આવતા વિવિધ નાના–મોટા શુભ પ્રસંગોએ અને સ્વજનોની યાદમાં સંસ્થાના આ સેવાકીય કાર્યમાં સહભાગી થતા રહેશો. તમારૂં અનુદાન તમો સીધા સંસ્થાના ખાતામાં જમા કરાવી શકો છો. સંસ્થાના બેંક ખાતાની વિગત નીચે આપેલ છે.

## સુરક્ષા-છત્ર

સંસ્થાની સુરક્ષા–છત્ર યોજના પણ ખૂબ જ સહકારરૂપ સાબિત થતી જાય છે. આજ સુધીમાં ૩૦ સભ્યોના અવસાન બાદ તેમના વારસદારોને રૂા. ૫૦,૦૦૦/– નો ચેક પહોંચતો કરવામાં આવેલ છે.

સંસ્થાના વધુને વધુ સભ્યો સુરક્ષા–છત્ર સભ્યપદ મેળવી રહ્યા છે. કદાચ આપને જરૂર ન હોય તો પણ વર્ષે ફક્ત રૂા. ૫૦૦/– થી રૂા. ૬૦૦/– આપી અન્યને સહાયરૂપ થઈ શકીએ તેવી ભાવના સાથે સભ્ય થવા હાર્દિક અપીલ છે.

તમો તથા તમારા પરિવારજનો પણ સુરક્ષા–છત્રનું સભ્યપદ મેળવવા સંસ્થાના કોઈપણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો.

### બેંક ખાતાની વિગત

**A/c. Name: SHRI MATANGI WELFARE SOCIAL TRUST**
**Bank: BANK OF INDIA**
**Branch : GURUKUL**
**SB A/C. NO.: 204810110008685 - IFSC CODE : BKID0002048**

# www.sdmm.in

## VIRTUALLY LAUNCHING OF OUR WEBSITE

## સંસ્થાની વેબસાઈટનું ઉદ્‌ઘાટન

## તા. ૨૬-૦૧-૨૦૨૨ (પ્રજાસત્તાક દિન) - સવારે ૧૦-૦૦ કલાકે

સર્વે સભ્યશ્રીઓ,

આપણી સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદની લેટેસ્ટ, સંપૂર્ણ માહિતી સાથેની, અપડેટેડ વેબસાઇટ લોન્ચ કરી રહ્યા છીએ.

આ પહેલાના સ્નેહ સેતુમાં તા. ૧૫–૮–૨૧ ના રોજ વેબસાઇટ લોન્ચ કરવા અંગે જણાવેલ, પરંતુ ટેકનીકલ કારણોસર લેઈટ થયેલ છે. હવે તા. ૨૬–૦૧–૨૦૨૨ ના રોજ વેબસાઇટ લોન્ચ પ્રસંગે સંસ્થાના વધુમાં વધુ સભ્યો અને શુભેચ્છકોને વર્ચ્યુઅલ લોન્ચીંગમાં ભાગ લેવા હાર્દિક અપીલ છે.

ગત અંકમાં ભાઈ પિયુષ શેઠ અને જયમીન રૂપાણીએ વેબસાઇટ અંગે આપેલ વિસ્તૃત માહિતી બધાની સગવડ માટે અહીં ફરી પ્રકાશિત કરેલ છે.

**- મનીષ મહેતા (સહમંત્રી અને યુથવીંગ કન્વીનર)**

---

જય શ્રી કૃષ્ણ.

આપ સૌ જાણો જ છો કે જમાનો આજે ડિજીટલ યુગ તરફ આગળ વધી રહ્યો છે. તો આપણો સમાજ પણ જમાના સાથે આગળ વધવા હંમેશાં પ્રતિબદ્ધ છે. જેના પ્રયાસરૂપે આપણા સમાજે વેબસાઇટ બનાવી છે, જેનું એડ્રેસ – **www.sdmm.in** છે.

અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમથી વેબસાઇટ જોઈ શકશો. વેબસાઇટમાં નીચે મુજબની સુવિધા છે:

(૧) આપણા સમાજની સ્થાપનાનો ઇતિહાસ અને સંસ્થા વિશે ઓળખ (૨) સંસ્થાની સ્થાપનાથી આજ સુધીમાં સંસ્થાને સેવા આપનાર પ્રમુખો અને માનદ્ મંત્રીશ્રીઓની માહિતી (૩) સંસ્થાના વર્તમાન હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની માહિતી (૪) સભ્યોની નામાવલી (મેમ્બરશીપ ડિરેક્ટરી) – લોગઈન દ્વારા (૫) ફોટો ગેલેરી (૬) સંસ્થા દ્વારા ચાલતા કાયમી પ્રોજેક્ટ્સ (૭) સમયાનુસાર યોજવામા આવતા પ્રોજેક્ટ્સ (૮) ભવિષ્યમાં યોજાનાર પ્રોજેક્ટ્સ (૯) તમામ પ્રકારના ફોર્મ્સ (૧૦) સંસ્થાનું મેગેઝીન સ્નેહ સેતુ. ઉપરાંત ભવિષ્યમાં જોબપોર્ટલ અને મેટ્રીમોનીઅલ પણ શરૂ કરવાનું આયોજન છે.

ઉપરના દરેક સેક્શનની વધુ માહિતી નીચે મુજબ છે:

**(૧) મેમ્બર ડિરેક્ટરી (લોગ ઈન)** : આ સેક્શનમાં તમે તમારા ઘરના દરેક સભ્યની વિગતો જોઈ શકશો તથા તેને સુધારી શકશો. આ ઉપરાંત સમાજના કોઈપણ સભ્યની વિગતો પણ સર્ચ કરી શકાશે. આ બધું કરવા માટે દરેક સભ્યએ કમ્પલસરી લોગ ઈન કરવું પડશે. સભ્યોએ વેબસાઇટના જમણી બાજુ પર આપેલા લોગ ઈન બટન પર ક્લિક કરીને યુઝર આઈડી અને પાસવર્ડ લખીને લોગ ઈન કરવાનું રહેશે. લોગ ઈન કરવા માટે યુઝર આઈડી અને ડિફોલ્ટ પાસવર્ડ નીચે મુજબ રહેશે.

**યુઝર આઈડી** : First 3 character of First Name + Membership Number દા.ત.: (૧) જો તમારી મેમ્બરશીપ Jigar Yogeshkumar Shah ના નામથી છે અને તમારો મેમ્બરશીપ નં. ૧૨૩ છે, તો તમારૂં યુઝર આઈડી jig123 રહેશે. (૨) જો તમારી મેમ્બરશીપ Jaimin Prabhudas Rupani ના નામથી છે અને તમારો મેમ્બરશીપ નં. ૯ છે, તો તમારૂં યુઝર આઈડી jai9 રહેશે.

**ડિફોલ્ટ પાસવર્ડઃ** Membership ID + Birthdate of Self Member દા.ત.: (૧) જો તમારો મેમ્બરશીપ નં. ૧૨૩ છે અને મુખ્ય વ્યક્તિનું નામ Jigar Yogeshkumar Shah છે અને તેમની જન્મ તારીખ ૧૪–૦૪–૧૯૯૩ છે તો તમારો ડિફોલ્ટ પાસવર્ડ ૧૨૩૧૪૦૪૧૯૯૩ રહેશે. (૨) જો તમારો મેમ્બરશીપ નં. ૯ છે અને મુખ્ય વ્યક્તિનું નામ Jaimin Prabhudas Rupani અને તેમની જન્મ તારીખ ૦૬–૦૯–૧૯૮૮ છે તો તમારો ડિફોલ્ટ પાસવર્ડ ૯૦૬૦૯૧૯૮૮ રહેશે.

કોઈપણ સભ્ય પ્રથમ વખત લોગ ઈન કરશે એટલે એમને સૌ પ્રથમ પાસવર્ડ તમારી ઈચ્છા મુજબ બદલવાનો રહેશે અને ત્યારબાદ એમને મુખ્ય પેજ ઉપર સભ્યની માહિતી દેખાશે. જેમાં સભ્ય જરૂર મુજબના સુધારા વધારા કરી શકશે. જેમ કે નવા સભ્ય ઉમેરવા, જન્મતારીખ સુધારવી, શૈક્ષણિક વિગત સુધારવી, સરનામું સુધારવું (સરનામું જરૂરી એડ્રેસ પ્રૂફ અપલોડ કરીને સુધારી શકાશે).

આ ઉપરાંત સભ્ય સમાજના કોઈપણ સભ્યની વિગત સર્ચ કરી શકે એવી સુવિધા પણ રાખવામાં આવેલ છે. જેથી સમાજની ડિરેક્ટરી ડિજીટલ બનાવીને રીઅલ ટાઈમ અપડેટેડ રહી શકે અને પર્યાવરણનો પણ બચાવ થઈ શકે.

**વિશેષ નોંધઃ (૧)** કોઈપણ વ્યક્તિ વેબસાઈટમાં લોગ ઈન કર્યા વગર કોઈપણ સભ્યની વિગત જોઈ શકશે નહીં. કોઈપણ સભ્યને લોગ ઈન કરવામાં મુશ્કેલી પડે તો તેમને info@sdmm.in પર સંપર્ક કરવાનો રહેશે.

**(૨) આપણા સમાજ વિષે માહિતી પૂરી પાડવીઃ** આ સુવિધાથી આપણા સમાજના સભ્યને આપણા સમાજની સ્થાપના કઈ રીતે થઈ, કોના દ્વારા થઈ જેવી બધી જ ઉપયોગી માહિતી મળી શકશે.

**(૩) સમાજના કમિટી સભ્યોની ઓળખઃ** સમાજના કારોબારી સભ્યને ઓળખવા એ દરેક સભ્ય માટે જરૂરી હોય છે. આથી વેબસાઈટ ઉપર જ કોઈપણ વ્યક્તિ સમાજના દરેક કારોબારી સભ્યની વિગત અને તેમના હોદ્દા સહિતની માહિતીથી માહિતગાર થઈ શકશે.

**(૪) ફોટો ગેલેરીઃ** સમાજ દ્વારા કરેલા દરેક પ્રોગ્રામની ઝલક મેળવવા માટે અહીંયા ફોટો ગેલેરીમાં પ્રસંગોપાત ફોટા અપલોડ થતા રહેશે.

**(૫) ભવિષ્યમાં થનારી ઈવેન્ટ્સ વિષે જાણવુંઃ** આ સેક્શનમાં આપણા સમાજ દ્વારા ભવિષ્યમાં થનારા દરેક ઈવેન્ટ્સના સર્ક્યુલર અને માહિતી અપલોડ કરવામાં આવશે. જેનાથી સભ્ય અને કોઈપણ વ્યક્તિ તે ઈવેન્ટ વિષે માહિતગાર થઈ શકશે.

**(૬) પ્રોજેક્ટ્સઃ** પ્રોજેક્ટ સેક્શનમાં જવા માટે About Us માં Projects માં જવાનું રહેશે. આપ સૌ જાણો જ છો કે સમાજ દ્વારા સભ્ય માટે અનેક પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે. જેમ કે દવાના બીલમાં ૫૦% સહાય, ૨૫% વળતર સાથે દવાની ડોર ડિલીવરી, શૈક્ષણિક સહાય, વગર વ્યાજની લોન ઉપરાંત સમયાનુસાર જરૂરી શરૂ થતા કાર્યો વગેરેની માહિતી આ સેક્શનમાંથી જાણી શકાશે.

**(૭) આર્ટીકલ (સ્નેહ સેતુ)ઃ** આ સેક્શનમાં સમાજ દ્વારા રજૂ કરાયેલ દરેક આર્ટીકલ જેવા કે સ્નેહસેતુને વાંચી તેમજ ડાઉનલોડ કરી શકાશે. ભવિષ્યમાં સ્નેહસેતુ સિવાય અન્ય માર્ગદર્શક આર્ટીકલો મુકવામાં આવશે.


**(૮) ફોર્મ્સઃ** સભ્યપદ ફોર્મ, શૈક્ષણિક સહાય ફોર્મ, મુંબઈ સ્થિત બંને ટ્રસ્ટના સ્કોલરશીપ ફોર્મ, માતંગી વેલફેર સોશીયલ ગ્રુપના સુરક્ષા–છત્રના ફોર્મ પણ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ થઈ શકશે.

ભવિષ્યમાં આ વેબસાઈટમાં ઘણી બધી સુવિધાઓ જેવી કે બીઝનેસ ડીરેક્ટરી મેટ્રીમોનીઅલ, જોબપોર્ટલ વગેરેનો ઉમેરો કરવામાં આવશે.

વેબસાઈટ અંગે કોઈપણ સભ્યને કોઈપણ સૂચન હોય તો ઉપર આપેલ ઈ–મેઈલ આઈડી પર અથવા કોઈપણ કમિટી મેમ્બરનો સંપર્ક કરશો.

**- પિયુષ શેઠ, જયમીન રૂપાણી**

# આસ કહ રહી શ્વાસસે, ધીરજ ધરના શીખ, બિન માંગે મોતી મિલે, માંગે મીલે ન ભીખ...



- પ્રવીણ સોલંકી

એક વાર હું વિચારતા–વિચારતા બેઠો હતો ત્યાં અચાનક કોણ જાણે કેમ મગજમાં એક કહેવત ઝબકી ગઈ – નવરો નખ્ખોદ વાળે. હું સફાળો ઊભો થઈ ગયો. એક સમવયસ્ક મિત્રને ફોન કર્યો અને પૂછ્યું, બાપુ કેમ છો? જવાબ મળ્યો, શું કેમ છો? અરે ભાઈ, રામ રાખે એમ રહીએ અને બેઠા–બેઠા માખી મારીએ.

કેમ આવું બોલો છો? દીકરાને નોકરી મળી નથી?

ક્યાંથી મળે? અંબાડી પર બેસીને છાણાં ન વીણાય. એને માટે જમીન પર આવીને મહેનત કરવી પડે.

અરે, તમારો વીરૂ તો મહેનતુ છે.

હા, પણ નસીબ ખરાબ હોય તો ઊંટ ઉપર બેઠા હોઈએ તો પણ કૂતરૂં કરડી જાય.

થયું શું?

માંડ માંડ નોકરીનું પાક્કું થયું ત્યાં બાથરૂમમાં લપસી પડ્યો.

ઓહ ગોડ.

આનું નામ અક્કરમીનો પડીયો કાણો.

હવે સૌ સારા વાના થઈ જશે.

થાય ત્યારે સાચું. અત્યારે તો ખાતર માથે દીવો છે. નોકરી તો ટળી, ઉપરથી દવા–દારૂનો ખર્ચ.

નસીબમાં હોય એ તો ભોગવવું જ રહ્યું.

હવે કેટલું ભોગવવાનું? પડ્યા પર પાટુ પડતી જ જાય છે.

એક રીતે જુઓ તો મિત્રની વાતમાં મને રસ પડવા લાગ્યો. તેના દરેક વાક્યમાં એક કહેવતના ઉપયોગથી મને લખવાનો વિષય મળી ગયો.

ગુજરાતી ભાષા બીજી અન્ય ભાષાઓ જેટલી જ સમૃદ્ધ અને રસાળ છે. વિવિધ રંગો છે. ગુજરાતી ભાષા–વાણીના ચાર પ્રકાર છે. પરા, પશ્યંતી, મધ્યમા, ખરી. ઉચ્ચારણમાં કંઠસ્થ, તાલવ્ય, મૂર્ધન્ય, દંતવ્ય અને ઓષ્ટવ્ય મુખ્ય પ્રકાર છે. ગુજરાતી ભાષા ચોથી પેઢીની ભાષા તરીકે ઓળખાય છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ચોથી ગુજરાતી. ૪૧મી સદીમાં હેમચંદ્રાચાર્યે ગુજરાતી ભાષાના વ્યાકરણને વ્યવસ્થિત રીતે જન્મ આપ્યો હતો.

ગુજરાતી ભાષામાં કહેવતો, રૂઢિપ્રયોગ, કથન, કહેણીઓનું અનોખું સ્થાન છે. કહેવતો દરેકે ભાષામાં જોવા મળે છે, એનું કારણ એ કે કહેવતોનો જન્મ લોકઅનુભવમાંથી થયો છે. કહેવતો માટેની એક વ્યાખ્યા જોવા મળે છે. કહેવતા એટલે પરંપરાથી લોકોમાં કહેવાતા બોધરૂપ, દ્રષ્ટાંતરૂપ, લાઘવરૂપ ચોટદાર કથનો. કહેવતનું સ્વરૂપ સીધું, સરળ, અનુભવયુક્ત અને ક્યારેક વ્યંગાત્મક હોય છે. એમાં ક્યારેક લયાત્મક તો ક્યારેક પ્રાસાનુપ્રાસવાળા જોડકણાં પણ હોય છે.

દા.ત. પાણીની માટલી, દવાની બાટલી ને તુટેલી ખાટલી. છેલ્લી સંપત્તિ આટલી તો શા માટે હાય–વોય આટલી?

– અખણ ગયા, દખણ ગયા પણ લખણ ન ગયા.

– સ્વાસ્થ્ય માટે સારી પણ મેથી મારવી જે દરેક રીતે નુકશાનકારક છે.

કહેવતોમાં કોઈ સમાનાર્થી તો કોઈ વિરૂદ્ધાર્થી પણ જોવા મળે છે. દા.ત.:

– ઉતાવળે આંબા ન પાકે, ધીરજનાં ફળ મીઠા છે.

– બોલે તેના બોર વેચાય, નવ બોલ્યામાં નવ ગુણ.

બંનેમાં વિરોધાભાસ છે.

કહેવતો એ લોકજીવનનું પ્રતિબિંબ છે. સમાજના આચાર–વિચાર, રહેણીકરણી, અનુભવોનો તેમાં પડઘો પડતો હોય છે. કેટલીક કહેવતો જોવાથી તેનો અંદાજ આવશે.

– અક્કલનો ઓથમીર, મંગાવી ભાજી ને લઈ આવ્યો કોથમીર.

– પાણી ને વાણી, ગાળીને વાપરવા.

– આપણા છોકરા ધરમરાજા, પારકા દુર્યોધન.

– કાયા ત્યાં સુધી છાયા ને મન ત્યાં સુધી માયા.

– બાપ બતાવ કાં શ્રાદ્ધ કર.

– ઝાઝી કીડી સાપને તાણે, છછુંદરના છએ સરખા.

– કજીયાનું મૂળ હાંસી અને રોગનું મૂળ ખાંસી.

– રાંધે કોઈ ને જમે કોઈ. રોજ મરે તેને કોણ રુવે.

– કાળ જાય પણ કલંક ન જાય.

– જેનો રાજા વેપારી, તેની પ્રજા ભિખારી.

– રોતો જાય અને મૂઆના ખબર લેતો આવે વિગેરે વિગેરે.

આમ અનુભવના નિચોડમાંથી કહેવતો જન્મી. કહેવતો ભાષાનું ઘરેણું છે. એનાથી ભાષામાં પોતીકાપણું આવે. કથન સચોટ અને અસરકારક બને છે. કહેવત જે કામ કરે છે એવું જ કામ રૂઢિપ્રયોગ કરે છે. પરંતુ બંનેમાં ફેર છે. કહેવતમાં પૂરૂં વાક્ય હોય છે. ક્યારેક એમાં કથા, વાત કે કથન છુપાયેલા હોય છે. રૂઢિપ્રયોગમાં શબ્દજૂથ હોય છે, જે અધૂરાં વાક્યો જેવું લાગે. કેટલાક રૂઢિપ્રયોગો યાદ કરતા આ વાત સમજાઈ જશે.

લોઢાના ચણા ચાવવા, ભાવ પૂછવો, પાસા પોબારા પાડવા, ધાર્યું ધણીનું થાય, કક્કો ખરો કરવો, અન્ન જળ ખૂટી ગયાં, પાંચમની છઠ ન થાય, અડધી રાતે, કોણીએ ગોળ લગાડવો, ઘોળીને પી જવું, છક્કા છૂટી જવા, કાગનો વાઘ, ધુમાડાના બાચકા, લોહીનું પાણી થવું, ખાડામાં ઉતરવું, છાપરે ચડવું વિગેરે વિગેરે.

સંત રવિદાસ જોડા સીવવામાં મશગુલ હતા. ત્યાં એક બ્રાહ્મણ ચંપલ સંધાવવા આવ્યો. સંતે પૂછ્યું, વિપ્ર જાત્રાએ જાઓ છો? બ્રાહ્મણે કહ્યું, હા, ગંગાસ્નાન કરવા જાઉં છું. સંતે કહ્યું, ચંપલ સાંધવાનું મૂલ્ય હું નહીં લઉં. એ મૂલ્ય પેટેની એક મુદ્રા મારા વતી ગંગામાં પધરાવજો અને પ્રસાદ લાવજો.

બ્રાહ્મણને ગંગામાં સ્નાન કરી લીધા પછી સંતની મુદ્રા યાદ આવી. તેણે ગંગામાં પધરાવી. ત્યાં ચમત્કાર થયો. પાણીમાંથી એક હાથ ઉંચો થયો. હાથમાં એક કંકણ હતું. ગેબી અવાજ આવ્યો કે, પ્રસાદરૂપી આ કંકણ સંતને આપજો.

બ્રાહ્મણની મતી બગડી. સારા ઈનામની આશાએ તે રાજા પાસે પહોંચ્યો. રાજા–રાણી કંકણ જોઈને આભા બની ગયા. રાણીએ કહ્યું, આવું જ બીજું કંકણ મારા બીજા હાથ માટે જોઈએ છે. બ્રાહ્મણ મૂંઝાયો. કહ્યું કે એ શક્ય નથી. રાજા રોષે ભરાયો અને બોલ્યો, જ્યાંથી એક લાવ્યો, ત્યાં બીજું હોવું જ જોઈએ. આજે ને આજે બીજું નથી લાવ્યો તો ફાંસીએ ચડાવી દઈશ.

બ્રાહ્મણ દોડતો સંત પાસે આવ્યો. પગે પડી બધી વાત કરી. સંતે કહ્યું, મુંઝાઓ નહીં. તમારો જીવ હું બચાવીશ. હું ગંગા માતાને પ્રાર્થના કરીશ. બ્રાહ્મણે કહ્યું કે અત્યારે ગંગા માતા ક્યાં લાવવા? સંતે ચામડું ભીનું કરવાની કથરોટમાં થોડું જળ લીધું. આજુબાજુ બધે છાંટીને પ્રાર્થના કરી. ક્ષણભર પછી કથરોટમાંથી એક હાથ ઉંચો થયો, જેમાં બીજું કંકણ હતું.


ત્યારથી કહેવત પડી કે, મન ચંગા તો કથરોટમેં ગંગા.

**સમાપનઃ માના કી મરનેવાલોં કો ભુલા દેતે હૈ સભી,**
**મુઝે જિંદા ભુલાકર તુમને તો કહાવત બદલ લી.**

**- સૌજન્યઃ મીડ ડે, ગુજરાતી**

# વડીલ વિભાગ

- શ્રી વૃજલાલ એમ. દોશી



## ભાગવતનો સાર

### નારદજીનો ગૃહત્યાગ

મા એ શરીરનો ત્યાગ કર્યો. પ્રભુએ કૃપા કરી. મેં માન્યું કે મારા ભગવાનનો મારા ઉપર અનુગ્રહ થયો. માતાજીના શરીરને અગ્નિ સંસ્કાર કર્યા. મને આનંદ થયો કે માતાના ઋણમાંથી હું મુક્ત બન્યો. જે કાંઈ હતું તે સર્વ માની પાછળ મેં વાપરી નાખ્યું. મને પ્રભુમાં શ્રદ્ધા હતી તેથી મેં કાંઈ સંઘર્યું નહીં. જન્મ થતા પહેલા માતાના સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર દયાળુ ભગવાન મારા પોષણની વ્યવસ્થા શું નહીં કરે? પરમાત્મા વિશ્વંભર છે. હું મારા ભગવાનનો છું તો ભગવાન શું મારૂં પોષણ નહિં કરે? પશુ પક્ષીઓ સંગ્રહ કરતાં નથી, ખાવાની ચિંતા કરતા નથી. મનુષ્ય ખાવાની બહુ ચિંતા કરે છે. નારદજી કહે છે કે એક વસ્ત્રભેર કપડે મેં ઘર છોડ્યું. મેં કાંઈ લીધું નહીં. પહેરેલા કપડે મેં ઘરનો ત્યાગ કર્યો.

### પ્રભુ ઉપર સર્વ છોડો તો પ્રભુને તમારી ચિંતા થશે

મહાભારતના યુદ્ધમાં દુર્યોધને ભીષ્મ પિતામહને ઠપકો આપ્યો. દાદાજી તમે મન મુકીને લડતા નથી. તેથી ક્રોધાવેશમાં ભીષ્મ પિતામહ પ્રતિજ્ઞા કરે છે કે આવતી કાલે હું અર્જુને મારીશ અથવા હું મરીશ. આથી સર્વે ગભરાયા. કારણ કે ભીષ્મ પિતામહની પ્રતિજ્ઞા હતી. આ સાંભળી ભગવાનને કાંઈ ચેન પડતું નથી. રાત્રે નિંદ્રા આવતી નથી. ભીષ્મી પ્રતિજ્ઞા સાંભળી અર્જુનની શી દશા થઈ હશે એમ વિચારી તેઓ અર્જુનની સ્થિતી જોવા આવ્યા. જઈને જુવે છે તો અર્જુન તો શાંતિથી ઉંઘતો હતો. ભગવાને વિચાર્યું કે ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે તેમ છતાં આ તો શાંતિથી સૂતેલો છે. તેમણે અર્જુનને જગાડ્યો અને પૂછ્યું કે તે ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી છે ને? અર્જુન કહે, હા સાંભળી છે. તો તને મૃત્યુની બીક નથી? ચિંતા નથી? અર્જુન કહે, મારી ચિંતા કરનારો મારો ધણી છે. તે જાગે છે, તેથી હું શયન કરૂં છું. તે મારી ચિંતા કરશે. હું શા માટે ચિંતા કરૂં ? તેથી મહાપ્રભુજીએ કહ્યું છે કે ચિંતા કદાપિ ન કરો. આ પ્રમાણે સર્વ ઈશ્વર ઉપર છોડો. મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વરને ન થાય ત્યાં સુધી તે નિશ્ચીંત થતો નથી.

### સંત કેમ થવાય?

દ્રષ્ટિને ગુણમય બનાવો. આજથી પાપ કરવાનું છોડી દો તો તમે શાંત થશો. મૃત્યુને માથે રાખો. પાપ કરશો નહીં. કોઈના દોષ જોશો નહીં. તમારા મનને સમજાવો. આ ત્રણે કરશો તો તમે સંત થશો. સંત થવાનું એટલે શું ઘર છોડવાનું? ઘર છોડવાની જરૂર નથી. ઘર છોડવાથી સંત થવાય તેવું નથી. ઘર છોડવાથી સંત મળે છે એવું પણ નથી. ઘરમાં રહીને પણ સંત થઈ શકાય છે. અતિ સાવધાન રહીને ઘરમાં રહેતો તે સંત છે. ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કરી શકાય છે. તુકારામ મહારાજ, એકનાથ મહારાજ, વ્રજની ગોપીઓ વિગેરેએ ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. મીરાબાઈ રાજમહેલમાં રહીને પણ સંત બની શક્યા હતા. મીરાબાઈએ ઘર છોડ્યું નથી તેમ છતાં મોટા મોટા મહાત્માઓ તેના દર્શન કરવા જતા. કપડાં બદલવાથી સંત થવાતું નથી. ભગવા કપડા પહેરવાથી

સંત થવાતું નથી. કપડા બદલવાની જરૂર નથી, કાળજું બદલવાની જરૂર છે. સંત થવા માટે વિવેક થી સ્વભાવને સુધારવાની જરૂર છે, માટે મનને બદલવાની જરૂર છે. મનના ગુલામ ન બનો. તેને નોકર બનાવો. પરીક્ષિત રાજાએ મનને સુધાર્યું એટલે તેને શુકદેવજી મળ્યા.

## મૃત્યુની બીક રાખો તો જીવન સુધરશે

પરીક્ષિત રાજાએ સાંભળ્યું કે સાતમા દિવસે મરવાનો છું કે તરત જ તેના વિલાસી જીવનનો અંત આવ્યો. વિલાસી જીવન વિરક્ત જીવન થયું છે. પરીક્ષિતને મૃત્યુની બીક લાગી અને તેનું જીવન સુધર્યું. મરણનું દુ:ખ ભયંકર છે. શાસ્ત્રમાં એવું લખ્યું છે કે જીવ શરીર છોડે છે, ત્યારે એક હજાર વીંછીઓ એક સાથે કરડે ને જેટલી વેદના થાય તેટલી વેદના જીવાત્માને થાય છે. એક વીંછી કરડે ત્યારે કેવી વેદના થાય છે તેનો માનવને સામાન્ય અનુભવ છે.

## મૃત્યુને યાદ રાખો તો તમારૂં પાપ છૂટી જશે

આ દુ:ખોને રોજ યાદ કરો. રોજ વિચારો કે આજે યમદૂત મને પકડવા આવે તો મારી કેવી ગતિ થશે. હું ક્યાં જઈશ? મારા કર્મો કેવા છે. મારૂં મન ક્યાં છે? હું સ્વર્ગમાં જઈશ, વૈકુંઠમાં જઈશ કે નરકમાં જઈશ. જે કામનો માર ખાતો નથી તે જ કાળનો માર ખાતો નથી. મૃત્યુ નિશ્ચત છે. શાસ્ત્રમાં લખ્યું છે કે મરણની જગ્યા, મરણનું કારણ, મરણનો સમય નક્કી થયા પછી જીવનો જન્મ થાય છે. અતિશય પુણ્ય વધે તો કવચિત ફેરફાર થાય છે. મૃત્યુ માથે છે તે યાદ કરો. સવારમાં ઉઠ્યા પછી જન્મ મરણના દુ:ખોનો વિચાર કરો. ઘણાં તો સવારમાં ઉઠ્યા પછી ભોજનના વિચાર કરે છે. આજે દાળ કરૂં કે કઢી કરૂં? કેટલાક બહુ ડાહ્યા હોય તો બશેર શાક લેવું હોય તો આખી બજાર ફરે છે. માથું ખંજવાળશે. કારેલા લઉં કે ગિલોડા લઉં? જેનો વિચાર કરવાની જરૂર હતી તેનો વિચાર કર્યો નહીં અને શાકભાજીના વિચાર કરે છે. શાકભાજીનો વિચાર અડધો કલાક કરશે તો પરમાત્માનું ધ્યાન ક્યારે કરશો? મૃત્યુને રોજ યાદ કરો. દિવસમાં અનેકવાર મરણના દુ:ખનો વિચાર કરશો તો તમારૂં મન બગડશે નહીં. ઘણા ભાગે મનુષ્ય પાપ કરે છે ત્યારે એવું સમજે છે કે હું મરવાનો નથી. મરણનો વિચાર કરે તેના હાથે પાપ થતું નથી. મૃત્યુનું નિવારણ શક્ય નથી તો પાપ શા માટે કરો છો? મૃત્યુની બીક માથે રાખશો તો તમારૂં પાપ છૂટી જશે અને જે દિવસે તમારૂં પાપ છૂટી જાય ત્યારે માનજો કે તમે સંત છો. પાપ પુણ્યના અનેક સાક્ષીઓ છે. સૂર્ય, ચંદ્ર, ધરતી, વાયુદેવ બધા સાક્ષીઓ છે. મારા ભગવાનના અનેક સેવકો છે. તે જ્યાં જાય છે ત્યાં સાથે જ આવે છે. મનુષ્ય માને છે કે હું પાપ કરૂં છું તે કોઈ જોતું નથી. એકાંત ભલે હોય પણ વાયુદેવ ત્યાં છે. તારા અંતરમાં વિરાજતા પરમાત્મા ત્યાં છે. છેવટે મનુષ્ય આ લોકમાં મરણને શરણ થાય છે, તો પણ પાપી આચરણ છોડતો નથી.

## પ્રભુ પ્રત્યે પ્રેમ કેમ થાય?

સુખમાં કુંતાજી દુ:ખના દિવસો ભૂલ્યા નથી. કુંતાજી કહે છે કે પ્રભુએ અમને સુખી કર્યા છે. અમને કેવા કેવા દુ:ખમાંથી ઉગાર્યા છે. ભગવાનના ઉપકારોનું સ્મરણ કરે છે. કુંતાજી પ્રભુના ઉપકાર ભૂલ્યા નથી, ત્યારે અતિ સુખમાં મનુષ્ય દુ:ખના દિવસો ભૂલી જાય છે. પ્રભુ તમને સુખી કરે તો સુખી થયા પછી દુ:ખના દિવસો ભૂલશો નહીં. બીજા દુ:ખીઓને મદદ કરજો. નાથ મને યાદ આવે છે કે હું વિધવા થઈ ત્યારે મારા બાળકો નાના હતા. ત્યારે તમે જ મારા બાળકોનું રક્ષણ કર્યું હતું. જીવ માત્ર પર ભગવાન અનેક ઉપકાર કરે છે, પણ જીવ એ ઉપકાર

ભૂલી જાય છે. જરા વિચાર કરો કે તમને શા માટે ધન મળ્યું છે? તમને જે સુખ-સંપત્તિ મળી છે, તમને જે માન મળે છે તેને માટે તમે લાયક છો કે નહીં? તમારા અંતઃકરણને પૂછો તો જવાબ મળશે કે હું લાયક નથી. મેં આંખથી, મનથી ઘણાં પાપ કર્યા છે, પણ પરમાત્માએ આ સર્વ મને આપ્યું છે. વિચારો, આપણા કર્મથી શું વરસાદ પડે છે? પરમાત્મા ઉપકાર કરી વરસાદ પાડે છે. પરમાત્માના ઉપકાર ભૂલવા ન જોઈએ. આપણે બિમારીમાંથી બચીએ ત્યારે અમુક દવાથી સારૂં થયું એમ માનીએ છીએ, પણ પરમાત્માએ બચાવ્યો એમ માનતા નથી. પરમાત્માનો ઉપકાર માનતા નથી. વિચારો ડોક્ટરની દવામાં કે ઈન્જેક્શનમાં શું બચાવવાની શક્તિ છે? ના, ના.. બચાવનારો કોઈ જુદો છે. ડોક્ટરમાં બચાવવાની શક્તિ હોય તો ડોક્ટરના ઘેર કોઈ દિવસ છેલ્લો વરઘોડો નીકળે જ નહીં. પ્રભુની કૃપાથી દવાથી શક્તિ આવે છે. જળ વિના નદી શોભે નહીં, પ્રાણ વગર શરીર શોભે નહીં, કુમકુમના ચાંલ્લા વગર સૌભાગ્યવતી સ્ત્રી શોભે નહીં એમ આપ વિના પાંડવો શોભે નહીં. નાથ આપને લીધે જ અમે સુખી છીએ. નાથ હવે અમને છોડીને જશો નહીં.

## લાલાની ઝાંખી

ભગવાન બધું કરી શકે છે, પણ વૈષ્ણવને નારાજ કરી શકતા નથી. પ્રભુએ વિચાર કર્યો કે આજે હું જઈશ તો તમને બહુ દુ:ખ થશે. મારે આજે જવું નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે. કુંતાજીના મહેલમાં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે. ઘરની શોભા ભગવાનને લીધે છે. જે ઘરમાં કનૈયાની સેવા થાય છે, કૃષ્ણ કિર્તન થાય છે, ગરીબનું યથાશક્તિ સન્માન થાય છે તે ઘર વૈકુંઠ જેવું છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી લખ્યું છે કે જે ઘરમાં ઠાકોરજીની સેવા નથી તે ઘર ઉજ્જડ થઈ જશે. તેવા ઘરનું પાણી પણ ન પીવાય. તે વખતે અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છે કે કૃષ્ણ મારા સખા છે. મારા માટે તેઓ પાછા આવ્યા છે. કુંતાજી કહે છે, રસ્તામાં હું જઈને ઉભી રહી એટલે પાછા આવ્યા છે.

## કોઈનું પાપ જોવું, સાંભળવું કે મનમાં રાખવું એ પણ પાપ છે

કોઈ પાપ કરે તે તમે જુવો તો એ પાપ છે. ધર્મની ગતિ સુક્ષ્મ છે. કોઈ પાપ કરે તે જોશો નહીં. કોઈનું પાપ સાંભળશો નહીં. કોઈના પાપનો વિચાર કરશો નહીં. કોઈના પાપનો વિચાર કરવો એ પાપ છે. કોઈના પાપનો જીભથી ઉચ્ચાર કરશો નહીં.

ભીષ્મ: તે પાપ મને યાદ આવતું નથી. મેં ક્યું પાપ જોયું છે?

કૃષ્ણ: દાદાજી તમે ભૂલી ગયા હશો પણ હું ભૂલ્યો નથી. હું ઈશ્વર છું. મારે સર્વ યાદ રાખવું પડે છે. યાદ કરો દાદાજી, તમે સભામાં બેઠા હતા. દુ:શાસન દ્રૌપદીને લઈને ત્યાં આવ્યો હતો. ત્યારે તમે ત્યાં જ હતા. દ્રૌપદીએ કહેલું કે, જુગારમાં પતિ પોતાને હારી જાય પછી એ પત્નીને દાવમાં લગાડી શકે નહીં. દુર્યોધન તો મુર્ખ હતો. તે બોલ્યો, દ્રૌપદી દાસી બની છે. તેને નગ્ન કરો. તે વખતે દ્રૌપદીએ તમને કહેલું, પતિ હારી ગયા પછી પત્ની દાવમાં લગાવવાનો પતિનો અધિકાર નથી. દાદાજી મારો ન્યાય કરો. હું જીતા કે અજીતા? તે વખતે તમે કહેલું કે દુર્યોધનનું અન્ન ખાવાથી મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે. મને કાંઈ સૂઝતું નથી. તમે કાંઈ બોલ્યા નહીં. આવું પાપ સભામાં થાય અને તમે તે નિહાળો છો. તે તમારા જેવા જ્ઞાનીને શોભે? દ્રૌપદીની લાજ લુંટાતી ભરસભામાં તમે જોઈ છે. દ્રૌપદીને આશા હતી કે તમારા જેવા સભામાં બિરાજો તો ચોક્કસ અન્યાય થતો અટકાવશો. તમે તે વખતે દ્વિધામાં પડેલા. અન્યાય અટકાવ્યો નહીં એટલે દ્રૌપદીએ નિરાશ થઈને પુકાર કર્યો કે હે કૃષ્ણ. દ્રૌપદીનો પુકાર

સાંભળી હું ત્યાં ગુપ્તરૂપે આવેલો. દ્વારકાનાથ પધાર્યા તેના દર્શન એકલી દ્રૌપદીને જ થયાં છે. હું બધુ જોતો હતો. દુ:ખાસન મારી દ્રૌપદીની સાડીઓ ખેંચવા લાગ્યો. તમે એ જોતાં હતા. આપ જેવા જ્ઞાની ત્યાં કેમ બેસી રહ્યા? સભામાં અન્યાય થતો તમે જોયો છે. આપ દ્રૌપદી જેવી પતિવ્રતાનો અનાદર થાય તે તમે જોયું છે. તેની તમને આ સજા થાય છે.

ભીષ્મ પિતાએ વિચાર્યું કે ખરૂં કહે છે. મને તે સમજાતું નથી. તે દિવસે મને આ કેમ ન સમજાયું? ભીષ્મ પિતાએ નમન કર્યું છે. પરમાત્માની નજર પડી. ભીષ્મ પિતાની વેદના શાંત થઈ છે. ભીષ્મ પિતાએ તે પછી ધર્મરાજાને ઉપદેશ કર્યો છે. સ્રીધર્મ, આપદ્‌ધર્મ, રાજધર્મ, મોક્ષધર્મ વગેરે સમજાવ્યા છે. મહાભારતના શાંતિ પર્વમાં આ બોધ આપ્યો છે. તે પછી પરમધર્મ બતાવ્યો.

યુધિષ્ઠિરે પૂછ્યું છે કે સર્વ ધર્મમાં ક્યા ધર્મને તમે પરમ શ્રેષ્ઠ ધર્મ માનો છો? તથા કોના જપ કરવાથી જીવ જન્મ–મરણરૂપી સંસાર બંધનથી મુક્ત બને છે? ભીષ્મ પિતા કહે છે : સ્થાવર–જંગમરૂપ સંસારના સ્વામી, દેવોના દેવ, દેશકાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન, ક્ષર–અક્ષરથી શ્રેષ્ઠ પુરૂષોત્તમના સહસ્ર નામોનું નિરંતર તત્પર રહીને ગુણ સંકીર્તન કરવાથી પુરૂષ સર્વ દુ:ખોથી મુક્ત બને છે.

## વિષ્ણુસહસ્ત્ર નામના પાઠની સર્વોપરિતા

વિષ્ણુસહસ્ર નામનો પાઠ કરવો એ પરધર્મ છે. તમે વિષ્ણુસહસ્ર નામનો પાઠ ન કરો તો તમે વૈષ્ણવ શેના? શિવ મહિમ્નસ્તોત્ર અને વિષ્ણુસહસ્ર નામનો પાઠ રોજ કરો. શિવજીની સ્તુતિ કરવાથી જ્ઞાન મળે છે. જ્ઞાનથી ભક્તિ દ્રઢ થાય છે. વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરવાથી પાપ બળે છે. વિષ્ણુસહસ્ર નામના પાઠથી કપાળમાં લખેલા વિધાતાના લેખ પણ બદલાય છે. જન્મ–મરણના બંધનમાંથી જીવને તે મુક્ત કરે છે. ભગવાન શંકરાચાર્યને વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ બહુ પ્રિય હતો. સૌથી પહેલું વિષ્ણુસહસ્ર નામ ઉપર તેમણે ભાષ્ય લખ્યું છે. તેમનો છેલ્લો ગ્રંથ છે – બ્રહ્મસૂત્ર ઉપરનું શંકરભાષ્ય. તે પછી કલમ મૂકી દીધી છે.

વ્રજલાલ એમ. દોશીના જયશ્રી કૃષ્ણ.

## સદ્‌ગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ

સંસ્થાના નીચે જણાવેલ સભ્યોના દુ:ખદ અવસાન થયેલ છે. સંસ્થા તેઓના અવસાનથી રંજની લાગણી અનુભવે છે. અવસાન પામેલ નીચેના તમામ સદ્‌ગત પ્રત્યે સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવા સાથે તેઓના પરિવારજનો પ્રત્યે અંતરની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

| | | |
|---|---|---|
| (૧) | સ્વ.લીલાવંતીબેન સવાઈલાલ શાહ | તા. ૧૨–૧૧–૨૦૨૧ |
| (૨) | સ્વ.અંજનાબેન ભૂપેશભાઈ દોશી | તા. ૨૫–૧૧–૨૦૨૧ |
| (૩) | સ્વ.શારદાબેન ગટુરભાઈ દોશી | તા. ૧૩–૧૨–૨૦૨૧ |
| (૪) | સ્વ. બિપીનચંદ્ર ગોરધનદાસ અંબાણી (એસબીઆઈ) | તા. ૨૬–૧૨–૨૦૨૧ |
| (૫) | સ્વ. કિરણબેન નવનીતભાઈ (નવિનભાઈ) ગાંધી | તા. ૩૦–૧૨–૨૦૨૧ |

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

**- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને યુથવીંગ-મહિલાવીંગના સભ્યો**

# જોઇએ ભાઇ જોઇએ...



- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

– નિરાશાની નાડ નારાયણને હાથ છે. માટે અંતરથી નારાયણનું નામ ભજતા રહો. સમાધાન સહ સંતોષ મળશે.

– સ્વાર્થી માનસ તો દરેક માનવીમાં વત્તા–ઓછા પ્રમાણમાં હોય જ છે. પરંતુ કેટલી હદ સુધી સ્વાર્થી બનવું તે મળેલા સંસ્કાર અને શિક્ષણ ઉપર અવલંબે છે.

– આચાર વગરના વિચાર ગમે તેટલા સુઘડ, સુંદર અને ઉપયોગી હોય, પરંતુ તે સંબંધિત માનસ ઉપર અત્યાચારનો અહેસાસ કરાવે છે.

– સારા નરસા સંજોગોમાં સંપત્તિવાન કરતાં સંબંધો વધુ સાથ–સહ સંતોષ આપે છે.

– ક્યા કારણોસર મળ્યો તેને, તેની મને ખબર નથી. મળ્યા પછી ભૂલી શકીશ કે કેમ તેની મને ખબર નથી. દિલ આપી દીધું, દિલાવરી ક્યારે મળી તેની મને ખબર નથી. પણ જ્યારે ખબર પડી ત્યારે...?? એ બીજો કોઈ નહીં પણ જીગરજાન દોસ્ત હતો.

– જ્યારે તમે નાની મોટી બાબતોથી તિરસ્કૃત થતા હોવ ત્યારે પોતાની વાણી, વર્તન અને વ્યવહાર જાતઅભ્યાસ સમાન કરવો. સમાધાન મળી જશે.

– કુદરતની ત્રણ ઋતુઓ છે, જેનો સામનો જુદી જુદી રીતે થાયઃ (૧) શિયાળો : ગરમ કપડાથી (૨) ઉનાળો : કુદરતી પવન અથવા કૃત્રિમ સાધનો જેવા કે પંખો, એ.સી. (૩) ચોમાસું : રેઈનકોટ, છત્રી વગેરે.

જ્યારે પારિવારીક કે સામાજિક સંબંધોમાં વાણી, વર્તન અને વ્યવહારરૂપી ત્રણ ઋતુનો સામનો કરવા માટેનો એક જ ઉપાય છે અને તે છે મૌન – જેનું મૂલ્ય સમય આવે સમજાય છે.

– કોઈએ કરેલ મદદનું મૂલ્યાંકન કે ટીકા કરવી બહુ જ સરળ છે, પરંતુ ટીકા કરનાર પોતે ક્યારેય કોઈને મદદરૂપ થઈ શકતો નથી કે વિચારી પણ શકતો નથી.

– પુરૂષાર્થ અને પ્રારબ્ધથી જીવનમાં મળેલું માણતા રહો. અંત ક્યારે આવશે તેની કોઈને ખબર નથી.

– કોઈનું અપમાન કરવું તે આવેશ અને અહંકારનું પરિણામ છે. જ્યારે કોઈને માન આપવું અને આદર કરવો તે સંસ્કાર અને શિક્ષણનું પરિણામ છે.

– મુશ્કેલીને મહાત ત્યારે જ કરી શકાય કે જ્યારે સમાધાનનું સમીકરણ બદલાય.

– કોઈની કોઈપણ ક્ષેત્રની સૌમ્ય અને સૂચક પ્રગતિના પોષક બની પ્રગતિને પ્રોત્સાહિત કરવી તે જ તેના પ્રત્યેની સાચી લાગણીસભર ભાવનાની તેને અનુભૂતિ કરાવે છે.

– સલાહ આપવી સહેલી છે. પરંતુ સાહેબ, સ્નેહ આપવો અઘરો છે. જેટલો સલાહ આપવાનો હક ધરાવો છે, તેટલા જ હકથી સ્નેહ આપો. પરસ્પર સંતોષ પ્રાપ્ત થશે.

– કોઈપણ કાર્ય કર્યા પછી તે ધાર્મિક હોય કે પારિવારીક હોય, સામાજિક હોય કે આગતા–સ્વાગતા હોય તે કોઈને પણ દેખાડી દેવાની ભાવના કરતા પોતાની હેસિયત અને સંસ્કાર મુજબ લાગણી અને ભાવનાસભર કરવાથી તેનું મૂલ્યાંકન થઈ શકે છે અને સમજાય પણ છે.

– પ્રગતિના પથ પર પથરાયેલા પુષ્પો પર ચાલતા ચાલતા ક્યારેક મોટા કાંટા પણ વાગવાના. પરંતુ નિરાશ થયા વગર પથ કાપતા રહેશો તો આગળ તમારી આશા અને અરમાનોના ઉજ્જવળ ભાવિનો ઉજાશ પથરાયેલો છે.

– મારા મારા કરતો માનવી જીવતો રહ્યો પણ ક્યારે પરાયો થઈ પાંજરે પૂરાઈ ગયો તેની ખબર ના પડી.

– ગરીબાઈના ગરબા ગાવા કરતા પુરૂષાર્થના પથ ઉપર ચાલતા રહો. પ્રારબ્ધ થકી પુરણ મળી રહેશે.

– ખોવાયેલા સંબંધો શોધવા જતા સંધાયેલા સંબંધો સંકોચાઈ ન જાય તે માટે જાગૃત રહેવું.

# હક્ક અને ફરજ

**- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"**

ઉપરોક્ત બંને શબ્દો બહુ જ સરળ, સાદા અને સમૃદ્ધ છે. પરંતુ તેનું વજન પારિવારીક સંબંધોમાં બહુ જ પ્રભાવિત અને અસરકારક છે. જેથી તેની અગત્યતા સમજી વિચારીને આચરણ કરી પરિણામ મેળવવું બહુ જ કઠીન છે.

જેમ સાંસારિક જીવન પતિ–પત્નીના સંબંધથી શરૂ થાય છે તેવી જ રીતે પારિવારીક સંબંધો પણ આ હક અને ફરજના સંયોજનથી જળવાતા રહે છે.

હક્ક કેવો – નર જાતિ અને ફરજ કેવી – નારી જાતિ.

જેમ પતિ–પત્નીના સંબંધોથી પરિવાર બને છે, તેવી જ રીતે હક અને ફરજના સંબંધોથી પારિવારીક સંબંધોનું સેવન થાય છે, જે સંસ્કાર, શિક્ષણ, સમજ અને આચરણથી નિભાવાય છે.

સામાન્ય રીતે પરિવારમાં વંશવેલાનું પ્રાગટ્ય થાય તે વંશ એટલે કે બાળકો જેનો ઉછેર હક્ક અને ફરજ સાથે નિભાવાય છે. તેથી પારિવારીક સંબંધોના નાતે માતાપિતાની પણ તેમની અવસ્થાએ તેમના બાળકોની પાસેથી હક્ક અને ફરજની અપેક્ષા અસ્થાને નથી. આ દરેક બાબતોનો આધાર મળેલા સંસ્કાર અને કેળવેલા શિક્ષણ પર આધારિત છે. સમાજના પરિવર્તિત યુગમાં અવસ્થાએ હક્ક અને ફરજની આશા અને અપેક્ષાથી જીવવું કઠીન તેમજ સહનશક્તિની કસોટી છે.

જે પરિવાર સાધનસંપન્ન અને સુખી છે, ત્યાં પોતાનો હક્ક મેળવવાની અપેક્ષાએ પરિવારનું લાલનપાલન ખંતથી કરે છે. જેમાં લાગણી કરતાં લાલચનું પ્રમાણ વધારે હોય છે. જ્યારે મધ્યમ વર્ગમાં સામાન્ય રીતે પરસ્પરના હક્ક અને ફરજની સભાનતાથી સમજ ધરાવે છે.

અવસ્થાએ પહોંચેલા માતાપિતાની ફરજ નિભાવવાને બદલે દીકરાઓ મોઢું ફેરવી લેતા હોય છે અને પોતાના પરિવાર સાથે સ્વતંત્રતા સાથે સુખશાંતિથી જીવન પસાર કરતા હોય છે. તેઓ ક્યારેય માતાપિતાના સુખદુ:ખમાં ફરજ નિભાવવા માટે આતુર હોતા નથી. માતાપિતાને આશા અને અપેક્ષા જરૂર હોય છે કે ઘડપણમાં તેમનો સહારો મળે. પરંતુ તે આશા અને અરમાનો ઠગારા નિવડે છે.

સમય જતા માતાપિતાનો સ્વર્ગવાસ થતા જ સંબંધોની સામાજિક અને વ્યવહારીક કૃત્રિમ ફરજ નિભાવી હક્કને જાગૃત કરે છે અને તેમનો અંતરાત્મા વારસાઈ હક્કની માગણી સાથે લાગણીની લહેર લહેરાવે છે.

વારસાઈ હક્ક મેળવવા માટે પોતે આકાશ–પાતાળ એક કરીને મેળવીને રહે છે, ત્યારે ફરજને ભૂલી જાય છે. આમ પારિવારીક સંબંધોમાં હક્ક અને ફરજની રમતો રમતા રમતા જીવન પૂરૂં થઈ જાય છે અને કર્મના સિદ્ધાંત મુજબ વત્તા ઓછા પ્રમાણમાં દરેક પરિવારે સારા માઠા સંજોગોનો સામનો કરવો પડે છે. પારિવારીક સંબંધોમાં એક બાબત સનાનત સત્ય છે કે ફરજ બાબતમાં જે આંખ આડા કાન કરી બેદરકારી બતાવે છે, તેનાથી અનેકગણી જાગૃતિ વારસાઈ હક્ક મેળવવા માટે બતાવે છે.

# જીવનમાં સંબંધ અને સંબંધમાં જીવન



**શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)**

પ્રિય પરિવારજનો,

સંબંધને વ્યાખ્યાયિત કરીએ તો એવું કહેવાય કે કોઈ વ્યક્તિ, સ્વજન કે પારિવારીક મિત્ર આશાવિહીન અંધકારમાં અટવાતો હોય અને જો તમે તેને પ્રકાશનો પરિચય કરાવો તો તમે માનવતાના માર્ગદર્શક કહેવાવ. સાચો નિ:સ્વાર્થ અને નિષ્કામ સંબંધ સુખના સરનામે લઈ જવાનું એક નેક અને શ્રેષ્ઠ કાર્ય કરે છે. સંબંધને પારિભાષિત કરીએ તો તેમાં લેનારને લઘુતા, લાચારી કે દીનતાની અનુભૂતિ ના થાય અને આપનારમાં ગુરુતા, અહમ કે અહંકારનો ભાવ મન પ્રવેશ ન કરે. સંબંધ, દયા, કૃપા કે સહાનુભૂતિ માટે નહીં, પરંતુ ખમીર, ખુમારી, કર્તવ્યપરાયણતા અને કર્તવ્ય નિષ્ઠા માટે હોવો જોઈએ.

મિત્રો, જીવનમાં કેવળ સંપત્તિથી સંબંધ નથી બંધાતા. સંબંધમાં તો પ્રેમ, સ્નેહ અને આનંદનો સરવાળો હોય છે. સંબંધમાં ટીકાને બદલે ટેકાનો અને સલાહને બદલે સહારાના ભાવનું પ્રાગટ્ય થવું જોઈએ. પૈસાથી ના ખરીદી શકાય પણ પોતાનામાં – સ્વયંમાં તે સદ્ગુણોનો વાસ જીવનમાં હોવો આવશ્યક છે.

(૧) વર્તણુંક – રીતભાત (૨) ચારિત્ર્ય – પ્રતિષ્ઠા (૩) માન – સન્માન (૪) વિશ્વાસ – આત્મવિશ્વાસ (૫) વફાદારી – વિશ્વસનીયતા (૬) ધીરજ – પરિપક્વતા (૭) સમર્પણ – ઉદારતા

મિત્રો, અદ્ભુત માનવ જીવનયાત્રા આપનું નિર્દોષ અને નિર્મળ સ્મિત આપનો લોગો અને પહેચાન છે. આપનું સરળ અને સહજ વ્યક્તિત્વ એ આપના બિઝનેસ કાર્ડ સમાન છે. આપની સુમધુર વાણી, સુમેળભર્યું વર્તન અને શાલીન વ્યવહાર એ આપનો ટ્રેડમાર્ક છે. સંબંધ સાચવવાની અને જાળવવાની આધારશીલા છે. વાદ–વિવાદથી સંબંધ વકરે અને સંવાદથી સંબંધ સુધરે. જીવનમાં સંબંધ અને સંબંધમાં જીવન જે બરોબર સમજે છે તેની જિંદગીમાં પ્રસન્નતાની જમાવટ થઈ જાય છે.

મિત્રો, જિંદગીમાં નકારાત્મક જીવનશૈલી જે અપનાવે છે, તેનું જીવન અકારણ ભારરૂપ થઈ જાય છે. પાણીથી છલોછલ ભરેલા દરિયામાં વહાર ત્યાં સુધી ડૂબતું નથી, જ્યાં સુધી તેમાં પાણી પ્રવેશ કરતું નથી. એમ આખી દુનિયાની નકારાત્મકતા તમારામાં પ્રવેશતી નથી, જ્યાં સુધી તમે તમારામાં આવવા ન દો. સંબંધને સૌજન્યશીલ અને સૌહાર્દપૂર્ણ રાખવા માટે જે વાત દિલમાં હોય તે કહેવાની હિંમત રાખો અને સામેવાળાના દિલમાં શું છે તે સમજવાની સમજ રાખો. સરસ પંક્તિ માણીએ:

આંસુના મોલ ના હોય, પણ જે ખરા સમયે લૂછી જાય એ વ્યક્તિ અણમોલ હોય...!!!

સમાપનમાં... ઘણા લોકોની તકલીફ એ છે કે...

તેઓ સાચું મનમાં બોલે છે, અને ખોટું બૂમો પાડીને બોલે છે!

આવી વૃત્તિથી સચેત રહેવાની જરૂર છે. માનવીની અજબ ખાસિયત છે કે જે તેની પાસે છે તેની ઉપેક્ષા કરે છે અને જે નથી તેના માટે વલખા મારે છે.

સંબંધની સુગંધ પ્રાપ્ત કરવા... (૧) જેને તમે પ્રેમ કરો છો એની જોડે જરૂર પડે માફી માંગતા અચકાશો નહીં. (૨) જે તમને પ્રેમ કરે છે, તેને છોડવાની ભૂલ કદાપિ કરશો નહીં. (૩) જે તમારી ઉપર વિશ્વાસ મૂકે છે, તેને છેતરશો નહીં કે તેનાથી છુપાવશો નહીં.

સૌને શુભેચ્છા અને શુભકામના.

**- જયેશ અને નિહારીકાના પ્રણામ (રાહી ફાઉન્ડેશન)**

# અદ્‌ભૂત જિંદગી એક અલૌકિક બંદગી...

**શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)**

પ્રિય પરિવાજનો,

પત્થરો પણ પીગળે, એવી કરું હું બંદગી,
પ્રભુ આવીને મળે, એવી જીવું હું જિંદગી...

પ્રભુએ માનવીને અમૂલ્ય બક્ષીસ કે ઉપહારના રૂપમાં દિવ્ય જિંદગી ભેટસ્વરૂપે અર્પણ કરી છે. હવે માનવીએ તેને સજાવવાની, શણગારવાની અને સવારવાની છે. દરેક માનવીને પોતાની જીવનયાત્રા વહન કરવાની, વિચારવાની અને વિતાવવાની કાર્યપ્રણાલી અલગ–અલગ હોય છે. મુંડે–મુંડે મતિર ભિન્ન... કેટલાક લોકોનું જીવન જાય છે, કેટલાક લોકો જીવન કાઢે છે, કેટલાક લોકો જીવન ગાળે છે અને કેટલાક લોકો જીવન સાચા અર્થમાં જીવે છે. જીવનની પરિભાષા લેખક શ્રી નલીન ભટ્ટે સરસ કરી છે. જીવનનો અર્થ....

જી – જીવવું, વ – વધવું, ન – નમન.

આમ જીવનમાં પ્રસન્નતા, વિકાસ અને નમ્રતાનો સુભગ સમન્વય થાય તો માનવી સમર્થ બને છે અને જીવન સાર્થક બને છે. જીવન સુખાકારીની પૂર્વશરત ભક્તિમય શક્તિ પ્રાપ્ત કરવાની છે. આ શક્તિનો સંચાર પ્રાર્થના, બંદગી, દયા, કરુણા અને પ્રેમમાંથી થાય છે. પ્રભુની અમીકૃપા અભિમાનના પર્વતો ઉપર નહીં, પરંતુ નમ્રતાની ખાણમાંથી મળે છે. પ્રભુકૃપા અંતરના ધ્યાનથી અને ભીતરની ભીનાશથી ચોક્કસ મળે છે. ધ્યાન એટલે સાક્ષીભાવ પ્રગટ થવો, સંવેદનશીલતાનું સર્જન થવું, સરળ, સહજ અને સ્વાભાવિક થવું, સર્જનાત્મકતા અને જાગૃકતાનું પ્રાગટ્ય થવું અને સ્વયંમાં પ્રસન્નતા ખીલવી. ધ્યાનથી મનનની શાંતિ આપોઆપ પ્રવેશ કરે છે. પ્રભુના અવર્ણનીય, અજોડ, અનન્ય અને અલૌકિક પ્રેમની પ્રાપ્તિ પ્રાર્થનાના સબળ માધ્યમથી માનવીને થાય છે. જીવનનું અખૂટ સૌંદર્ય માણવું હોય, અથાક શક્તિ મેળવવી હોય, અનંત ભક્તિ પ્રાપ્ત કરવી હોય અને અપાર પ્રસન્નતા જોઈતી હોય તો પ્રભુકૃપા સમાન સાત સદ્‌ગુણોને માનવીએ આત્મસાત કરવા પડે અને જીવનમાં સાંગોપાંગ ઉતારવા પડે.

મિત્રો, આ સપ્ત સદ્‌ગુણો ક્યા અને કેવા હોય છે અને કેવી રીતે સાકાર કરી શકાય તેની ચર્ચા કરીએ.

(૧) સમતા : સમથળ અને સમતોલ વૃત્તિ કેળવવા સમભાવ રાખવો પડે. સમતા અને ધીરજથી સ્થિતપ્રજ્ઞતા આવે છે. પ્રતિકૂળતામાં અનુકૂળતાથી આત્મસાત થાય છે.

(૨) સરળતા : સરળ, સહજ અને નિર્મળ વ્યક્તિનું જીવન સાનુકૂળ થઈ જાય છે. સંબંધ સુગંધિત રહે છે.

(૩) સુમધુરતા : વાણી, વ્યવહાર અને વર્તનમાં મધુરતા જીવનને ખુશીથી ભરી દે છે. શ્રવણ, કથન, ચિંતન, કર્મ અને દર્શનમાં મધુરતા રાખવાથી જિંદગીમાં નિખાર આવી જશે.

(૪) સફળતા : સાધનાથી સફળતાની પ્રાપ્તિ થાય છે. જેમ વૃક્ષ ઉપર ફળ આવે તો કેવું ગમે એમ સફળ જીવનથી સંતોષની અનુભૂતિ થાય છે. રોજબરોજનું જીવન જીવીને જનારનું મરણ થાય છે. જ્યારે સદ્‌કાર્ય કરીને જનાર સ્મરણમાં રહે છે.

(૫) સાર્થક્તા : જીવનને સહેતુક બનાવે છે અને જીવનનો સાચો અર્થ સમજે તેનું જીવન સાર્થક ગણાય. સાર્થક બનવા સમર્થ બનવું પડે.

(૬) સરસતા : સરસ એટલે સૌને ગમી જાય તેવું. આચાર, વિચાર અને આચરણ જેનું સરસ હોય તે વ્યક્તિ સુવાસિત પુષ્પની જેમ મહેંકી ઉઠે છે.

(૭) સમર્પિતતા : પ્રભુ પ્રત્યે દાસ ભાવ અને દીનતાના ભાવથી સમર્પણની ભાવના આવે છે. અર્પણ, તર્પણ અને સમર્પણથી માનવીનું જીવન બળવત્તર બને છે.

મિત્રો, આ સાત સોપાનને સર કરવાથી આપની જિંદગી અદ્‌ભૂત અને અલૌકિક બનશે. જીવનનો સાચો રાહ પ્રાપ્ત થશે. આપ સૌનું જીવન સદા બંદગીમય રહે તેવી શુભેચ્છા અને શુભકામનાઓ.

**- જયેશ અને નિહારીકાના પ્રણામ (રાહી ફાઉન્ડેશન)**

# Monday MARK by RAJEEV MANIAR



**Rajeev Maniar**
**Life Skill Mentor & Trainer**
**9825028399 | www.rajeevmaniar.com**

## SETTLE

Once a Guru asked his disciple to get some water from the lake. The disciple went to the lake and saw that some people were cleaning utensils, cleaning clothes and some were also cleaning their domestic animals.

He did not fetch the water from the lake as he looked at the water and it was dirty. He came back and told the Guruji about it. Guruji sent another disciple to fetch the water. The 2nd disciple fetched the water from the same lake. Guruji asked him — Did you not see people cleaning & bathing or doing domestic chores at the lake? The disciple said : Yes I have seen.

Then why did you bring dirty water asked the 1st disciple? The 2nd disciple said — I waited everyone to finish their chores. Then I saw the water, It was completely clean. So I fetched the water.

Guruji explained — There are times when there are lot thoughts disturbing the mind. The best decisions are taken when your thoughts settle down.

**Friends — Take decisions with a settled mind to Make Your MARK®**

## મંડે માર્ક - "સ્થિરતા"

**એક વાર એક ગુરૂએ તેમના શિષ્યને તળાવમાંથી પાણી લાવવા કહ્યું. શિષ્ય તળાવ પર ગયો અને જોયું કે કેટલાક લોકો વાસણો, કપડાં અને તેમના ઘરેલું પ્રાણીઓને સાફ કરી રહ્યા હતા.**

**તેણે તળાવમાંથી પાણી ન લીધું કારણ કે તેણે પાણી જોયું અને તે ગંદુ હતું. તે પાછો આવ્યો અને ગુરૂજીને તેના વિશે કહ્યું. ગુરૂજીએ બીજા શિષ્યને પાણી લેવા મોકલ્યો.**

**બીજો શિષ્ય એ જ તળાવમાંથી પાણી લાવ્યો. ગુરૂજીએ તેને પૂછ્યું – શું તમે લોકોને તળાવમાં સફાઈ, સ્નાન કે ઘરના કામકાજ કરતા જોયા હતા? શિષ્યો બોલ્યો : હા, મેં જોયા હતા.**

**તો પછી તું ગંદુ પાણી કેમ લાવ્યો? પહેલા શિષ્યએ પૂછ્યું.**

**બીજા શિષ્યએ કહ્યું, હું દરેકને તેના કાર્યો પૂરા થાય તેની રાહ જોતો હતો. પછી મેં પાણી જોયું. તે સંપૂર્ણપણે સ્વચ્છ હતું, કારણ કે તે સ્થિર હતું. તેથી હું પાણી લઈ આવ્યો.**

**ગુરૂજીએ સમજાવ્યું : ઘણી વખત એવા વિચારો આવે છે જ્યારે મનને ખલેલ પહોંચાડે છે. જ્યારે તમારા વિચારોને સ્થિર રાખશો તો જ શ્રેષ્ઠ નિર્ણય લઈ શકશો.**

**મિત્રો - સ્થિર મન સાથે નિર્ણયો લો એન્ડ મેક યોર માર્ક.**

## HOPE

HOPE Wishing you and your family a very prosperous & successful Vikram Samvant 2078.

Once a young man with his friends was visiting a Fair. He saw a beautiful girl and smiled at her. The girl also smiled back. It was Love at first sight and both fell in love with each other. T.h did not talk to each 'The other — however the young man followed her to the house where she was living.

The next day morning, the young man went to the girl's house to meet her parents and ask for marriage. The girl's parents welcomed the boy and were happy to meet him. The father put one condition to him —You need to tell my daughter's name now!

The young man didn't know her name so, started speaking all the different names he knew of a woman. But none of them were correct! He guessed and spoke more than 250 names but still he could not succeed. He did not know what do?

Finally, he got upset & gave up. He stood up and said — I have no names left — But I "HOPE" that you will.... & Before he could finish the sentence - the girl who was sitting there started dancing after she heard her name — Her name was "HOPE"!

**Friends, "HOPE" for what you want to Make Your MARK®**

## DAUGHTER-IN-LAW

Once a couple had an only son from their marriage. The son after his marriage, separated from his parents and went to stay in another house with his wife. The old couple managed to stay without their son & daughter in law.


Once the couple was travelling when suddenly they met with an accident. The father died in an accident. The mother had a shock and became bedridden permanently. The daughter-in-law told her husband. Let us go and stay with your mother. And the young couple stayed with the bedridden mother.

For more than 10 years, the daughter-in-law took care of her mother-in-law more as a daughter. Once she asked her mother-in-law.. I hope I am taking care of you as needed. If you must ask God for one thing, What would you ask for?

The mother-in-law replied with tears in her eyes. She said - I would ask GOD to make me your DAUGHTER. I pray Almighty to bless you always.

**Friends, Take Blessings as many as you can & Make Your MARK®**

# સુખ, સંવાદિતા આપતું પ્રેરકબળ – પ્રેમ



- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)

આજના યુગની સતત સંઘર્ષ, સ્પર્ધા અને ભાગદોડવાળી ચીલાચાલુ જીવન પ્રણાલીમાં વિદ્યાર્થીથી લઈ વડીલો સુધી કોઈને પણ ફુરસદ નથી. એ સાચું છે કે આપણે ન્યુ ઈન્ડીયાના કન્સેપ્ટમાં જીવીએ છીએ. જીવનમાં સ્પર્ધા, સફળતા અને સ્ટેટસ જરૂરી છે અને એ મેળવવા વ્યક્તિને સતત પ્રવૃતિમય રહેવું પડે છે. પરંતુ ઘણી વખત પ્રવૃતિઓનો વ્યાપ, વ્યસ્તતા એટલી વધી જાય છે કે જે માનવીના જીવનમાં સતત તનાવ, ચિંતા, ડર, એકલતા તથા ગંભીર બિમારીઓ સર્જે છે. સતત વ્યસતતા, કાર્યરતતા વ્યક્તિને પ્રવૃતિ પછી જરૂરી એવો આરામ મેળવવાથી વંચિત કરી દે છે. આવી વ્યક્તિ જીવનને સુદ્દઢ, સુચારરૂપથી ચલાવવા જરૂરી આરામ, શાંતિ કે હળવાશ ક્યારેય મેળવી શકતી નથી. સારૂ વાંચન, કુટુંબ સમાજના સભ્યો સાથે સમય પસાર કરવો, હળવુ સંગીત સાંભળી મનને શાંતિ પ્રદાન કરવી કે પ્રાકૃતિક સ્થળની મુલાકાતની વાત તો દૂરની થઈ જાય છે. જ્યારે વ્યક્તિને રાત્રીની થોડા કલાકની ઉંઘ મેળવવા ઉંઘની ટેબલેટ્સ લેવી પડે. આ સર્વે આજના આધુનિક જીવનની અનિવાર્ય દેન છે. વ્યક્તિનું મગજ દિવસનો સારો એવો સમય કમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ તથા વિચારોથી વ્યસ્ત રહે છે. આજનો વિદ્યાર્થી પુસ્તકોને બદલે વિઝ્યુઅલ્સ એટલે કે યુ–ટ્યુબ વિડીયો શિક્ષણ પર વધુ આધારિત બન્યો છે. સતત ઓનલાઈન રહેવાથી મગજને વધુ થાક, તાણ અને તનાવ સહેવા પડે છે. આમ આવા રોજિંદા જીવનથી વ્યસ્ત આપણે સૌ પ્રકૃતિ એટલે કે કુદરતને ભૂલી ગયા છીએ. બ્રહ્માંડ તથા પ્રકૃતિના સર્જનહારને ભૂલી ગયા છીએ. તેમની સાથે જીવવાના આનંદથી વંચિત બની ગયા છીએ. આ સમયે જરૂરી છે પ્રકૃતિને સમજવાની, તેની સાથે સમય વિતાવવાની, હકારાત્મક ઉર્જા દ્વારા માનસિક શાંતિ મેળવવાની, નિસર્ગના સાનિધ્યમાં સ્વયંને સમજવાની અને આ બધુ એક માત્ર નેચર એટલે કે કુદરત જ આપી શકે.

પ્રકૃતિનું સાનિધ્ય અનેરી શિતળતા પ્રદાન કરી વ્યક્તિને હ્રદય મનથી પ્રફુલ્લિત બનાવી દે છે. સુંદર, સૌમ્ય, શાંત અને ઠંડક બક્ષતી પ્રકૃતિ વ્યક્તિનો થાક ભુલાવી જાદુઈ ઉર્જા પ્રદાન કરે છે. જાહેર આરોગ્ય સંશોધક સ્ટેમેટેકીસ અને મિશેલ મુજબ પ્રકૃતિનું સાનિધ્ય અવલોકનની પ્રક્રિયાએ ગુસ્સો, ચિંતા, તનાવ ઘટાડી તનાવયુક્ત હોર્મોન્સનું નિર્માણ ઘટાડે છે તેમજ આનંદમય સંવેદનાઓ વધારી સ્વાસ્થ્ય સુધારણામાં ફાળો આપે છે. શારીરિક દર્દ, રક્તચાપ ઘટાડે છે. આનુવાંશિક રીતે પણ આપણે ઝાડ, છોડ, પાણી વિ. શોધવા કાર્યક્રમબદ્ધ (પ્રોગ્રામ્ડ) છીએ.

એક દિલચસ્પ સંશોધન મુજબ પ્રકૃતિની સામાન્ય જીવન પર પડતી અસર જોઈએ. મગજ પર પડતી અસરોના એક અભ્યાસ મુજબ જે લોકોના ઈન્ટરવ્યુ લેવાયા તેમાંના ૯૫% એ કહ્યું કે તેઓના સ્વભાવમાં બહાર પ્રકૃતિ સાથે સમય વિતાવવાથી સુધારો થયો છે. તેઓ નિરાશા, તનાવ અને અતિરેકમાંથી બહાર આવી શાંત અને સંતુલિત બન્યા છે. ઉલરીચ, કીમ અને સેર વિન્કાના અભ્યાસ મુજબ પ્રકૃતિના સાનિધ્યનો સમય અને કુદરતી નઝારાના દ્રશ્યો હકારાત્મક મુડ (સ્વભાવ) તેમજ મનોવૈજ્ઞાનિક સ્વાસ્થ્ય, સાર્થકતા અને ઉત્સાહ સાથે સંકળાયેલ છે. કુદરતના સુંદર મનોહર સ્વરૂપના દ્રશ્યોનો નઝારો આપણી ધ્યાન કેન્દ્રીત કરવાની ક્ષમતા વધારે છે. તાજગી બક્ષે છે. એક અન્ય રસપ્રદ અભ્યાસમાં એન્ડ્રીઆ ટેયલરનું બાળકો અને તેમના અભ્યાસ અંગેનું સંશોધન બતાવે છે કે જો બાળકો કુદરતના સૌંદર્યને માણે છે તો તેઓની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અવધીમાં વધારો થાય છે. કુઓ અને કુલેના કુદરતી સ્થળોના સાનિધ્યથી થતી અસરોના અભ્યાસ મુજબ આવુ સાનિધ્ય એકબીજા સાથે જોડી વિશાળ દુનિયા સાથેનું જોડાણ શક્ય બનાવે છે. યુનિવર્સિટી ઓફ ઈલીનોઈસનો એક અભ્યાસ સુચવે છે કે પબ્લીક હાઉસીંગના

રહેવાસીઓ કે જેઓના ઘર પાસે કુદરતી ઝાડ, પાન તથા લીલોતરીનો વ્યાપ છે, કુદરતી વાતાવરણમાં જેનો વસવાટ છે તેઓ અન્યો સાથે વધુ પરિચીત છે. પડોશીઓ સાથે ઐક્ય સાધવાની મજબુત લાગણી છે. એકબીજાને મદદ કરી ટેકો આપવામાં વધુ કાળજી લે છે. તેઓ અન્યની સરખામણીમાં વધુ મજબૂત, સ્વસ્થ અને એકજૂથ છે. પ્રકૃતિની મોજ સાથે જીવતા લોકોમાં સમુદાય પરત્વે ઉમદા ભાવ હોય છે. આપસી પ્રેમ હોય છે. જીવનની જરૂરિયાતો અંગે તેઓ સુંદર સંકલન ધરાવે છે. ખાસ કરીને ગરીબાઈમાં જીવવા માટે આ એક આશ્ચર્યજનક અદ્‌ભુત અભ્યાસ છે. જોડાણનો આ અનુભવ મગજ (બ્રેઈન)ની ગતિવિધી માપવાના અભ્યાસમાં સમજાવેલ છે તે મુજબ તેમાં ભાગ લેનારાઓ કુદરતના દ્રશ્યો જુએ છે. ત્યારે તેમના મગજના પુર્જા કે જે સહાનુભૂતિ પ્રેમ સાથે સંકળાયેલ છે તે ખીલી ઉઠે છે, કાર્યાન્વિત થાય છે. પરંતુ જ્યારે શહેરી દ્રશ્યો જુએ છે તો મગજના પુર્જા કે જે ચિંતા અને તનાવ સાથે સંકળાયેલ છે તે કાર્યાન્વિત બને છે. દેખાઈ આવે છે કે જે ચિંતા અને તનાવ સાથે સંકળાયેલ છે તે કાર્યાન્વિત બને છે. દેખાઈ આવે છે કે કુદરત એ જેમ લાગણીઓને પ્રોત્સાહિત કરે છે તેમ એકબીજાને અને સાથે પર્યાવરણને જોડે છે.

આમ પ્રકૃતિ એ આપણા જીવન સાથે સંકળાયેલ ઈશ્વરની અદ્‌ભુત કૃપા છે. પ્રકૃતિ એ માતા સમાન છે. જેમ માતાનું સાંનિધ્ય વ્હાલરૂપી શીતળ પ્રેમ વરસાવે છે તેમ પ્રકૃતિના ખોળે પણ માનવી દિવ્ય ઠંડક મેળવી જીવનને નવી તાજગી બક્ષે છે. નિયમીત સમયાંતરે દરેક વ્યક્તિએ પ્રાકૃતિક સ્થળો જેવા કે નયનરમ્ય સુંદર પહાડો, બરફાચ્છિત પ્રદેશો, સુંદર સુમધુર સંગીતમય વહેતી નદી, લીલાછમ જંગલો, શાંતીમય, અનંતતાનો અનુભવ આપતા રમણીય સી–બીચ વિ. માંથી કોઈપણ એક સ્થળની અવશ્ય મુલાકાત લેવી જોઈએ તથા આવા સુંદર સ્થળે સમય વિતાવી શાંતિ મેળવવી જોઈએ. જે હૃદય મનને પુલકિત બનાવી સોનેરી ઉર્જા સાથે સામાન્ય જીવનને ચેતનામય, પ્રગતિમય, તાજગીસભર બનાવશે. ડોક્ટરો પણ લાંબી બિમારી ભોગવેલ દર્દીને એકદમ સારા થવા પ્રાકૃતિક સ્થળોની મુલાકાત સુચવે છે.

દુનિયાની ગણમાન્ય વ્યક્તિઓના પ્રકૃતિ, કુદરત વિષેના વિચારો જોઈએ.

– પ્રકૃતિ એ મુલાકાતનું સ્થળ નથી, તે ઘર છે. – ગેરી સિન્ડર

– નૈસર્ગિક નવા નવા સ્થળોએ વિતાવેલ મારા સમગ્ર જીવને મને બાળકની જેમ આનંદિત કરેલ છે. – મેરી ક્યુરી

– ફક્ત એક ગુરૂને પસંદ કરો – પ્રકૃતિને. – રેમબ્રાન્ડ

– જો તમે ખરેખર પ્રકૃતિને પસંદ કરો છો તો તમને દરેક સ્થળે સુંદરતા અનુભવાશે. – વિન્સેટ વાન

– ધરતીનું કાવ્ય ક્યારેય અસ્ત થતું નથી. – જ્હોન કિટ્‌સ

– જીવનનું લક્ષ્ય તમારા હૃદયની ધડકનને બ્રહ્માંડની ધડકન સાથે મેચ કરવાનું છે. તો તમારી પ્રકૃતિને કુદરતની પ્રકૃતિ સાથે મેચ કરો. – જોસેફ કેમ્પબેલ

– મેં જે ફળદ્રુપતા (પ્રાચુર્ય) મેળવી તે પ્રકૃતિની દેન છે. જે મારૂં પ્રેરણાસ્રોત છે. – ક્લાઉટ

– નિસર્ગની ગતિને અપનાવો. તેનું રહસ્ત શાંતિ છે – રાલ્ફ વાલ્ડો એમરસન

તાત્પર્ય એ છે કે નિસર્ગના સાનિધ્યમાં વિતાવાતો સમય આ અદ્‌ભુત દિવ્ય બની રહે છે. જે વ્યક્તિને પુલકિત બનાવી દિવ્ય ચેતના તાજગી અને આશા પ્રદાન કરી કુદરતની અનુભૂતિ કરાવી બ્રહ્માંડના પ્રેમનો સાનંદાનુભવ કરાવે છે. તેનો આત્મા પ્રકાશિત બને છે તેમજ તે ઉમદા સંતોષ સાથે જાગૃત ઉર્જા અનુભવે છે.

આપણે પણ નિસર્ગમાંથી તાજગીસભર પ્રેરણા મેળવવા સમય ફાળવીએ.

# સ્મિત (હાસ્ય) એક દિવ્ય ઔષધ

નેચરોપથી, હોસ્પીટલ મેનેજમેન્ટ અને ચાઈલ્ડ સાયકોલોજીના ડિગ્રીધારક. ૩૭ વર્ષ સુધી ફાર્માસ્યુટીકલ કંપનીમાં સી.ઈ.ઓ. તરીકેની ફરજ બજાવેલ છે. ઉપરાંત સગર્ભા મહિલાઓને તંદુરસ્ત બાળકના જન્મ અંગેનું કાઉન્સેલીંગ કરવું. જટીલ રોગથી પીડાતા દર્દીઓને યોગ્ય નિદાન થાય તે માટેની માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડવું. બાળકોના યોગ્ય વિકાસ માટે તેમને કઈ રીતે તાલીમ આપવી તે માટે શિક્ષકોને અને માતાપિતાને તાલીમ આપવી અને ડિપ્રેસ્ડ વિદ્યાર્થી તથા પરીણિત યુગલોનું કાઉન્સેલીંગ કરવું વિગેરે વિવિધ સમાજસેવાની પ્રવૃત્તિઓમાં કાર્યરત છે.

છતાં આ બધુ ઈશ્વરના આશીર્વાદથી થાય છે અને હું માત્ર નિમિત્ત છું તેવી ઉચ્ચ ફીલસુફી ધરાવતા અને વિવિધ મેગેઝીનોમાં સામાજિક ઉત્થાન અને વિકાસ અંગેના લેખો લખતાં **શ્રી પ્રદીપભાઈ વડોદરીયા**ની કલમનો લાભ હવેથી આપણને સ્નેહ–સેતુના માધ્યમથી મળતો રહેશે.

આભાર શ્રી પ્રદીપભાઈ.

---



**શ્રી પ્રદીપભાઈ વડોદરીયા**
**(રાજકોટ)**
**મો.: ૯૯૬૨૫ ૨૨૪૫૪**

હાસ્યવૃત્તિનો અભાવ એ આંતરિક બિમારીની નિશાની છે.

વિદેશથી આવેલા એક માણસને એવી આદત કે જે મળે તેને સ્મિતની લહાણી કરે. રાબેતા મુજબ એ ભારતના એક શહેરના રસ્તાની ફૂટપાથ પરથી પસાર થતા જે મળે તેના તરફ સ્મિતભરી દ્રષ્ટિથી જોતો હતો. પણ તે દિવસે તેને આશ્ચર્ય થયું. અરે! આજે મેં લગભગ પચ્ચીસ માણસને ઉમળકાભર્યું સ્મિત વેર્યું પણ એ પૈકી એકેય વ્યક્તિએ મારા સ્મિતને વધાવીને સ્મિતનો ઉત્તર સ્મિતથી મળ્યો નહીં!!

આ વાત પરત્વે આપણે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ. માણસને ઉશ્કેરે તો એ ક્રોધ કરી શકે છે. પણ સહજ રીતે પોતાની ખુશી વ્યક્ત કરવામાં એ વિલંબ કરે છે.

તોળી તોળીને બોલવું એ પણ એક દંભ છે તેમ તોળી તોળીને હસવું એ પણ નિખાલસતાના અભાવનો સદંતર ધજાગરો જ છે. આપણે ત્યાં હજુ પણ કોઈને ઓળખતા ન હો અને સામે સ્મિત કરીએ તો ઘણીવાર પ્રશ્ન કરે છે કે તમે મને ઓળખો છો? કોઈપણ વ્યક્તિ એક ઈન્સાન સમજી એને સ્મિત આપે તો એમાં ખોટું શું છે?

સ્મિત એક દિવ્ય ઔષધ છે તેમ કહેવામાં આવેલ છે તો તેની પાછળ કંઈક રહસ્ય તો હશે જ એ કોઈ દિવસ વિચાર્યું છે?

મને, તો ભાઈ દરેક વ્યક્તિને સ્મિત આપવાની આદત છે અને એનો મને કાયમ માટે લાભ જ થયો છે. એવા હજારો દાખલા હું આપી શકું તેમ છું એટલે કે લાભ થાય માટે સ્મિત આપવું એવું ન સમજતા પરંતુ સ્મિત એ કુદરતે આપેલું એક ઘરેણું છે.

સ્મિત ઉપર કોઈ જ સરકારનો ટેક્ષ લાગતો નથી છતાં પણ આ દિવ્ય ઔષધ બધા જ ને આપવામાં શા માટે કંજુસકાકડી જેવું વર્તન!!

તમને ખબર છે જેના ચહેરા ઉપર કાયમ માટે હાસ્ય હોય છે તેવી વ્યક્તિ દરેકને ગમતી જ હોય છે. આપણે

કહીએ છીએ ને કે ભાઈ સોગીયા મોઢા લઈને શું ફરો છો! બસ તો એનો અર્થ જ એ કે ચહેરા ઉપર હાસ્ય જ શોભે.

હિન્દી મહાસાગરમાં કેટલાક ટાપુઓમાં ચંદનની સુગંધ દૂરથી આવે તો ત્યાં જે નાવિકો વહાણ ચલાવે છે તેઓને ખબર પડી જાય છે કે અમુક ટાપુની નજીક પહોંચ્યા પછી તેવી તેમને જાણ થઈ જાય છે.

તમે પણ એક એવી વ્યક્તિ બની શકો છો. તમે જ્યાં પણ જાઓ તમારી સુગંધ ફેલાય. તમારા અંતરને એવું શુદ્ધ બનાવવું શક્ય છે. છૂપી પણ પ્રબળ શક્તિ વધ્યા કરે અને સર્વેને શુભ અસર કર્યા કરે. આમ કરવાથી તમે જ્યાં પણ જશો તો દરેક સ્થળે આનંદ ફેલાવી શકશો. લોકો કહેવા લાગશે કે તમારા આવવાથી અમારા આંગણામાં આનંદ ફેલાય છે. બીજા માણસ ઉપર પ્રભાવ પાડી શકશો. નવી સ્ફૂર્તિ આપી શકશો. આ છે સ્મિતનું જાદુ. આ છે સ્મિતભર્યું જીવન જીવવાનું રહસ્ય. આવા આનંદ આપવા ઈશ્વર આપણી આસપાસ ઘૂમતો જ રહે છે. આપણે ધૃતરાષ્ટ્ર બનીએ તો એમાં ઈશ્વરનો શું વાંક?

નિખાલસતા સહજ છે. દંભ માણસે જાતે તૈયાર કરેલું પહેરેલું મહોરું છે. આજે માણસ સહજ રહી શકતો નથી. એનું મુખ્ય કારણ કદાચ આ જ છે કે માણસને સહજતા ખપતી નથી. ઓછું બોલીને આવકાર આપનાર કરતા ખુશામતભર્યા શબ્દોથી આવકારનારને લોકો એટલે જ મહત્ત્વ આપે છે.

હવે કોઈને ઘેર જઈએ તો એ મીઠો આવકાર ક્યાં ગયો? ક્યારેક તો આપણા ઘરે આવનાર મહેમાનને મીઠો આવકાર તો આપી જોજો! તમને પણ અંતરથી ખુશી થાશે. એને માણવો એ પણ એક લહાવો છે.

તમારી પાસે નિર્મળ હૃદયની તાકાત હોય તો તમે આખી દુનિયાને વશ કરી શકો છો.

બહારથી સાજા લાગતા માણસો અંદરથી બિમાર હોય છે. જો હાસ્યવૃત્તિનો અભાવ હોય તો તે માણસની અંદરની માંદગીની નિશાની છે.

જો તમે તાજામાજા રહેવા માંગતા હો તો મહેરબાની કરી એવું કદાપિ ન બોલતાં કે હું મરી ગયો, થાકી ગયો છું, નંખાઈ ગયો છું, અને આધિ–વ્યાધિ–ઉપાધિથી ઘેરાઈ ગયો છું. બસ હવે તો બહુ થયું. તમે જાતે જ હાર સ્વીકારો પછી કુદરત તમને સાથ ક્યાંથી આપે?

ડોક્ટરના ચહેરા ઉપર જો સ્મિત રમતું – રેલાતું ના હોય એણે હોસ્પિટલના દર્દીઓને મળવાનું ટાળવું જોવે. દર્દીઓ જેની મુલાકાતની તરસી આંખે વાટ જુએ એવો ડૉક્ટર બનવું એ પણ એક વરદાન છે.

જો તમે સદાબહાર રહેવા ઈચ્છતા હો, જો તમે જિંદગીનો આનંદ પ્રસન્ન ચિત્તે ભોગવવા ઈચ્છતા હો, જો તમે રોગને તમારાથી અળગો રાખવા ઈચ્છતા હો તો તમારા મનમંદિરમાં હાસ્યદેવતાની મૂર્તિ સ્થાપિત કરો. ઘરના એ મંદિરને ચોખ્ખું અને પવિત્ર રાખો.

સ્મિત એ વિશ્વનિયતાએ જગતને પ્રસન્ન બનાવવા વિનામૂલ્યે આપેલું દિવ્ય ઔષધ છે. હે, જીવ તું ભટકી પડ્યો છે! ખીલીને હસવાનું ભૂલતો જાય છે. અર્થાત્ આ દિવ્ય ઔષધને પચાવવાનું ભૂલતો જાય છે પછી આનંદ ક્યાંથી મળે? મનને શાંતિ ક્યાંથી મળે? સુખ ક્યાંથી મળે? બસ તો ચાલો આપણે કોઈ જ લાફીંગ ક્લબમાં જવાની જરૂર નથી. નિરાશ પણ થવાની જરૂર નથી. જાગ્યા ત્યાંથી સવાર. આજથી આ દિવ્ય ઔષધને જાણી લીધું. બસ હવે તો સ્મિત કરો... હા... હા... હા...

(આ નવા વર્ષમાં તમને સૌને એક સુંદર હાસ્ય ભેટ આપી સાલમુબારક કરૂં છું. તમે પણ સ્મિત આપો...)

# ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ પછીના ધરતીકંપનું કચ્છ "૨૧ વર્ષની પ્રગતિની સફરગાથા"

**- સુનીલ ચાંદોરીકર**



૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ ના ગુજરાતના કચ્છમાં આવેલ ભયાનક ધરતીકંપે લાખો લોકોના આંસુઓની નદીઓ વહેવડાવી હતી અને હજી પણ લાખો લોકો તેની યાતનાઓને યાદ કરે છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ સવારે ૮-૪૫ કલાકે આખું કચ્છ અને આપણો દેશ બાવનમા ગણતંત્ર દિનની ઉજવણીમાં થનગની રહ્યો હતો ત્યારે અચાનક જ ૮-૪૫ કલાકે કચ્છમાં નાના-મોટા અનેક ગામડાઓ સહિત તમામ શહેરોમાં ધરા ધ્રૂજી હતી અને તેનું એપિક સેન્ટર ૧૨ કિમી. દૂર ચોખારી ગામ હતું. જેના પરિણામે સમગ્ર કચ્છ સહિત અમદાવાદ, વડોદરા અને સુરતમાં પણ આ ભયાનક ધરતીકંપની વ્યાપક અસર પડી હતી. સમગ્ર કચ્છ વિસ્તાર આપણી સાંસ્કૃતિક, ધાર્મિક અને વિવિધ સામાજિક પરંપરાઓનું પ્રતિક એવા વિસ્તારમાં સવારનો પ્રારંભ ઘંટનાદ અને પવિત્ર વાતાવરણમાં પ્રારંભ થતો હોય છે. આવો જ ઘંટનાદ અને ૨૬મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસના ઉજવણીના માહોલમાં સૌ ખુશહાલ બાળકો, નગરજનો અને આબાલવૃદ્ધ મસ્ત અને વ્યસ્ત હતા. ઘણા લોકો સવારે ચા-નાસ્તામાં વ્યસ્ત હતા અને અચાનક જ સવારે ૮-૪૫ કલાકે આવેલા ભયાનક ધરતીકંપે તબાહીનું સ્વરૂપ ધારણ કર્યું. ચારે તરફ ઈમારતોનો કાટમાળ, લાશોના ઢગલા, લોકોનું આક્રંદ, પશુઓ-પક્ષીઓની દોડાદોડ... કોણ કોને આશરો આપે??? સૌ નિરાધાર... આખું વાતાવરણ શોકમય બની ગયું.

માત્ર થોડી જ સેકંડોના મહાવિનાશે તારાજી સર્જી હતી. લાખો લોકોને તેની અસર થઈ હતી. આ ધરતીકંપની તીવ્રતા ૭.૭ અને ૨૨ સેકન્ડની હતી. ૭૦૦ કિમી.ના વિસ્તારના ૧૮૨ તાલુકાઓ, મોટા મહાનગરો, શહેરોમાં તેની અસર જોવા મળતી હતી. કચ્છના ભૂજ, રાપર, અંજાર, ભચાઉ સહિત અનેક ગામડાઓમાં તારાજી સર્જાઈ હતી. આ ધરતીકંપે ૨૦૦૦૦ કરતાં વધુ વ્યક્તિઓનો ભોગ લીધો હતો. ૧.૫૦ લાખ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ વિસ્તારના ચાર લાખ મકાનો / દુકાનો જમીનદોસ્ત થયા હતા. ૬ લાખ લોકો ઘરવિહોણા થયા. માત્ર કચ્છ જ નહીં, પણ અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, સુરત સહિત અનેક શહેરો પણ ધરતીકંપનો ભોગ બન્યા. અમદાવાદમાં ૮૧ ઇમારતો અને અન્ય ફ્લેટ્સ અંશતઃ જમીનદોસ્ત થઈ. ૭૫૨ લોકોએ પોતાના જાન ગુમાવ્યા હતા. સમગ્ર ગુજરાતમાં તારાજી... તારાજી.... હતી.

ધરતીકંપના આ વિસર્જન પછી કચ્છની જમીન પર નવસર્જનનો પ્રાણ ફૂંકાયો, જાણે કચ્છનો ફરીથી પુનર્જન્મ થયો. તે વખતના વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રીએ કચ્છના ઉત્થાન અને નવસર્જન માટે અનેક પગલાંઓ લીધા. તેના ઘણાં જ સારા પરિણામો જોવા મળ્યા. તેમણે આખા વિકાસની રૂપરેખા તૈયાર કરી દેશને ગુજરાત મોડેલ (કચ્છ) આપ્યું. નેપાળમાં થયેલ ધરતીકંપમાં પણ આ મોડેલ અપનાવી નવસર્જન કરવામાં આવ્યું.

ધરતીકંપ પછી ઝડપી ઔદ્યોગિકીકરણ કરવામાં આવ્યું. કચ્છના વિસ્તારને અન્ય વિસ્તારોની સાથે સડક અને રેલમાર્ગે ફરીથી જોડવામાં આવ્યા. નવા માર્ગો અસ્તિત્વમાં આવ્યા. તે વિસ્તારોમાં ઈન્ટરનેટ, ટેકનોલોજી, સંચાર વ્યવસ્થા ઝડપી બનાવવામાં આવી. કચ્છ યુનિવર્સિટીની સ્થાપના થઈ. અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. અંતરિયાળ વિસ્તારોમાં પણ સૌને શિક્ષણ મળે, સારૂં શિક્ષણ મળે તેવા પ્રયાસો હાથ

ધરવામાં આવ્યા. આ યજ્ઞમાં ૧.૨ લાખ કરોડનું મૂડીરોકાણ થયું. ૧૦ લાખ મેગાવોટ વીજળીનો લાભ મળ્યો. નર્મદાના નીર કચ્છ પંથકને મળ્યા. ઔદ્યોગિક વિકાસના પરિણામે ત્યાંની જમીનની કિંમતોમાં ઝડપી વધારો થવા લાગ્યો. કચ્છની ખમીરવંતી પ્રજાએ પોતાનો પરંપરાવાળો વ્યવસાય છોડી નવા વ્યવસાયને પણ સ્થાન આપી દેશની પ્રગતિમાં કદમ થી કદમ મિલાવી ભાગીદાર બન્યા. માળખાકીય સુવિધાઓ વધતા સ્થાનિક રોજગારીમાં વધારો થયો. લોકોનું જીવનધોરણ સુધર્યું. ઝડપી પગલાઓના કારણે લોકોને સમયસર આરોગ્યલક્ષી સેવાઓ મળી. નવજીવન મળ્યા. સુખાકારી વધી. શહેરની સાથે સાથે ગામડાઓનો પણ વિકાસ થયો. ગ્રામ્ય વિસ્તારોને પણ સડક, પાણી, વાહનવ્યવહાર, રોજગારીની સવલતો મળી. ત્યાંનો શ્રમજીવી વર્ગ પણ વ્યવસાયની સાથે સાથે વેપારમાં જોડાયો. માર્ગ અને પરિવહનનો વ્યાપ વધવાની સાથે આખા કચ્છની સિકલ બદલાઈ ગઈ. કંડલા ખાતેનું દિનદયાલ પોર્ટ સમગ્ર ભારતનું નં. ૧ બંદર બન્યું. અહીંથી આખા ભારતના વેપાર–માલ સામાનની વિક્રમજનક નિકાસ થવા લાગી. કંડલા બંદરની સાથે સાથે નાના–મોટા અન્ય બંદરોનો પણ વિકાસ થયો. જેનો સીધેસીધો લાભ કચ્છની પ્રજાને મળ્યો.

લોકોને સારું શિક્ષણ મળે તે માટે અનેક ખાનગી, સામાજિક સંસ્થાઓએ શૈક્ષણિક સંકુલ બનાવ્યા, જ્યાં આધુનિક શિક્ષણનો વ્યાપ વધવા લાગ્યો. ધરતીકંપ અગાઉ અહીં પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ માટે સરકારી શાળાઓ જે ઉપલબ્ધ હતી ત્યારે શિક્ષણનું સ્તર થોડું ઓછું હતું. ખાનગી સંસ્થાઓની સાથે સાથે આવી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો થયો. ખાનગી શાળાઓમાં ઈન્ટરનેટ અને સંચાર વ્યવસ્થાના કારણે શિક્ષણનો પણ મોટાપાયે વિકાસ થયો.

ટેક્નોલોજી – ઈકોનોમી અને એજ્યુકેશન દ્વારા સમગ્ર કચ્છની હાલની સિકલ બદલાઈ જતા ખરા અર્થમાં આર્થિક ક્ષેત્રની તેજીમાં હરણફાળ પ્રગતિ જોવા મળી છે જે ખરેખર કચ્છના પુનર્જન્મની અને કચ્છની ખમીરવંતી પ્રજાની ગાથા વર્ણવે છે તેમાં બેમત નથી.

## કીડીએ વાઘ માર્યો

આ કહેવત કોઈએ ગપ્પું માર્યું હોય ત્યારે વપરાય છે.

એક ગામમાં એક ગપોડીબાજ રહે. રોજ એ નવાં નવાં ગપ્પા મારે. સાંજે પડે એના આંગણમાં એક બેઠક ભરાતી. એક દિવસ એણે કહ્યું, હવે એવી સીડી શોધાઈ છે, જે સીધી ચંદ્ર સુધી લાંબી થાય છે. એના પર ચઢીને આપણે બધા જઈ શકીશું.

બીજા દિવસે એવું જ બીજું ગપગોળું ચલાવ્યું કે મરેલા માણસની રાખમાંથી હીરા બનાવવાની કળા થોડા સમયમાં બધાને આવડી જશે. ઔર થોડા દિવસ પછી એણે કહ્યું: આપણે હવે જંગલમાં જવાથી ડરવાની જરૂર નથી.

કોઈએ પૂછ્યું: કેમ? તો એણે કહ્યું: જે ખૂનખાર વાઘ હતો એને કીડીએ મારી નાખ્યો છે.

લોકો હસી પડ્યા. પેલા જ માણસે પાછું પૂછ્યું : એવું તે હોય??

ગપોડીબાજે જવાબ આપ્યો: હા, વાઘ સૂતો હતો. ત્યારે એક કીડી એના કાનમાં ઘૂસીને અંદર ફરવા લાગી. વાઘને ખરજ આવવા લાગી. એ અકળાઈને ચીસો પાડવા લાગ્યો. બાજુમાંથી એનો દુશ્મન સિંહ જતો હતો. સિંહને લાગ્યું કે વાઘ એને પડકારે છે એટલે એ ધસી આવ્યો. બંને વચ્ચે યુદ્ધ થયું ને સિંહે વાઘને મારી નાખ્યો.

લોકોએ પૂછ્યું : એ મરેલો વાઘ ક્યાં છે?

ગપોડીએ ફેંકી : એ તો મેં બધું સપનામાં જોયું હતું.

- સૌજન્યઃ મુકેશ જોષી (ચિત્રલેખા)

# નારી તું નારાયણી



- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ)
મો.: ૯૮૨૫૭ ૯૩૪૭૬

૨૨મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ હરિયાણામાં પાણીપત ખાતે માનનીય પ્રધાનમંત્રીએ બેટી બચાવો – બેટી પઢાઓ (બીબીબીપી) અભિયાનની શરૂઆત કરી હતી. ટૂંક સમયમાં જ અભિયાને લોકપ્રિયતા મેળવી હતી. સમગ્ર ભારત તેમજ વિશ્વમાંથી લોકોએ પોતાની તસવીરો મોકલી હતી અને જેમને દીકરીઓ છે તે બધા માટે આ ગર્વનો પ્રસંગ બન્યો હતો.

આ બધી બેટીઓ સામાન્ય જીવન જીવે છે. માતાના ગર્ભમાં રહેલી બેટી બચાવવાની વાત છે. પરંતુ જે બેટી ઉંમરલાયક થતા પુરૂષની વિકૃત નજર, હેવાનીયત અને એકતરફી પ્રેમના કારણે તેજાબી હુમલાનો ભોગ બને છે. માત્ર ગણતરીની ક્ષણોમાં જ તે બેટીની જિંદગી નરક સમાન થઈ જાય છે તેવી બેટીની વાત કરવાની છે.

દિપીકા પદુકોણની ફિલ્મ છપાક વિષે મોટા ભાગના લોકો જાણતા જ હશે. આ ફિલ્મની વાર્તા તેજાબી હુમલાનો ભોગ બનેલી, સૌથી ઉદાહરણીય અને રોલ મોડેલ લક્ષ્મી અગ્રવાલ પર આધારિત છે.

લક્ષ્મી અગ્રવાલનો જન્મ તા. ૧–૬–૧૯૯૦ માં થયો. ૨૦૦૫ માં ૩૨ વર્ષીય ગુડુ નામના પુરૂષને એકતરફી પ્રેમ થાય છે. તે લક્ષ્મીને વારંવાર લગ્ન માટે પ્રસ્તાવ મોકલે છે. લક્ષ્મીએ પ્રત્યુત્તર ન આપતા તે તેના ભાઈની ગર્લફ્રેન્ડ સાથે મળીને તેને જબરદસ્તીથી એસીડ પિવડાવી મારી નાખવા પ્રયત્ન કરે છે. દરમિયાન લક્ષ્મી ભાગી જતા તેના મોઢા પર અને શરીર પર તેજાબી હુમલો કરે છે. લક્ષ્મી ભાન ગુમાવીને રસ્તા પર પડી જાય છે. જ્યારે ભાનમાં આવે છે ત્યારે તેણી જીવતી બળી રહી હોય છે તેવી પીડા અનુભવે છે. છેવટે તેણીને હોસ્પીટલ પહોંચાડવામાં આવે છે. તેણીના મલ્ટીપલ ઓપરેશન કરવામાં આવે છે અને એક ઓપરેશનમાં તો તેણીની આંખ સીવી દેવામાં આવે છે. અઢી મહિના હોસ્પીટલમાં રહ્યા બાદ એક બદસુરત ચહેરા સાથે ઘરે પાછી ફરે છે. ટ્રાન્સપ્લાન્ટ કરેલા ભયાનક ચહેરાને અરીસામાં જોઈ તે ખૂબ જ ડરી જાય છે અને જિંદગીથી હારી જઈ, હતાશ થઈ જાય છે. તેણી વિચારે છે કે આવા ચહેરા સાથે જીવવા કરતા તો આપઘાત કરી લેવો સારો.

પરંતુ બાદમાં મને મારી ભૂલ સમજાઈ. સૌ પ્રથમ તો મેં મારા મા–બાપને જાણ ન કરી કે કોઈ વ્યક્તિ મને હેરાન કરે છે, ધમકી આપે છે અને હવે મારે આપઘાત કરીને બીજી ભૂલી નથી કરવી.

તેણીના પિતાએ તેને હિંમત આપી અને જિંદગીમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી.

૨૦૦૬ માં તેઓએ કોર્ટમાં એસિડ પર પ્રતિબંધ મુકવા માટે કેસ દાખલ કર્યો. તેણીના વકીલે આ કેસ માટે કોઈ ફી ના લીધી અને ત્યાં સુધીમાં તે દસમા ધોરણમાં આવી ગઈ.

૨૦૦૯ માં કશુંક નવું – અલગથી શીખવા, જાણવા તેણીએ સીવણ, કોમ્પ્યુટર અને બ્યુટી પાર્લરના ક્લાસ જોઈન્ટ કરી ફરી નવું જીવન જીવવાની શરૂઆત કરી. તેણીના બદસુરત ચહેરાને જોઈ લોકો મજાક કરતા, પરંતુ તેણીને વધારે દુ:ખ ત્યારે થતું કે છોકરાઓ કરતાં છોકરીઓ વધારે મજાક કરતી હતી.

તેના ચહેરાને કારણે તેને ક્યાંય પણ નોકરી મળતી ન હતી. ઘણી જગ્યાએ રીજેક્ટ થયા બાદ છેવટે ૨૦૧૩ માં એક સંસ્થાની સ્થાપના કરી. તેનો ભેટો એક એનજીઓ ચલાવતા પત્રકાર સાથે થાય છે અને સાથે મળીને જંગ લડે છે. ૩૦૦ થી વધારે છોકરીઓના પુન:વસવાટ માટે કામગીરી કરે છે અને ભારતનું સૌ પ્રથમ – ફર્સ્ટ કાફે

રન બાય એસીડ એટેક વિક્ટીમ્સ – શરૂ કર્યું. તેઓએ નક્કી કર્યું કે ભલે અમને કોઈ નોકરી ન આપે, અમે અમારી મહેનતથી સ્વનિર્ભર બનીશું. ભલે અમને કોઈ નાણાંકીય મદદ ન કરે, પરંતુ અમારી સાથે મિત્રતા રાખો અને સામાન્ય વર્તાવ કરે તે વધારે મહત્ત્વનું છે.

આ દરમિયાન – સ્ટોપ સેલ એસીડના અભિયાન અંતર્ગત ૨૦૧૩ માં એસીડના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો અને હુમલાનો ભોગ બનનારને રૂા. ત્રણ લાખનું વળતર આફવાની જાહેરાત કરી.

લક્ષ્મીના સ્ટોપ સેલ એસીડ અભિયાનને રાષ્ટ્રવ્યાપી સમર્થન મળેલ અને યુનિસેફ દ્વારા આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પણ મળેલ છે.

અન્ડર સેક્ટર ૩૨૬–એ, એસીડથી હુમલો કરનાર ગુનેગારને મિનીમમ ૧૦ વર્ષથી લઈને જીવનપર્યંત કેદની સજા કરી શકાય છે અને એસીડ ફેંકવાનો પ્રયાસ કરનારને ૫ થી ૭ વર્ષની કેદ થઈ શકે છે. આ ઉપરાંત હુમલાનો ભોગ બનનાર વ્યક્તિને ત્રણ લાખ રૂપિયાનું વળતર પણ ગુનેગાર પાસેથી વસુલવા માટે કાયદો બનાવેલ છે.

આવું જ એક ઉદાહરણ નેપાળની બેટી મુસ્કાનનું છે. પોતાની ખુબસુરત પુત્રીનું નિર્દોષ હાસ્ય જોઈને મા–બાપે તેનું નામ મુસ્કાન રાખેલું. મુસ્કાનની માતાએ પોતાની પુત્રીને ઈચ્છા પ્રમાણે ભણવા અને તેણીના સ્વપ્ન સાકાર કરવા પ્રોત્સાહન પુરૂં પાડેલ.

મુસ્કાન સ્કૂલે જતી તે દરમિયાન તેના સગાનો એક છોકરો તેના તરફ આકર્ષાય છે અને વારંવાર તેણીને હેરાન કરે છે. પરંતુ મુસ્કાને તેને મચક ના આપી અને પોતાના માતા–પિતાને જાણ કરે છે. તેણીના પિતાએ તે છોકરાને સમજાવી–ધમકાવી તેણીથી દૂર રહેવા જણાવ્યું. બદલાની આગમાં ૬ સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે તેના મિત્ર સાથે મળીને એસીડ પીવરાવી તેણીને મારી નાખવા પ્રયાસ કરે છે. પરંતુ મુસ્કાન ભાગી જતાં તેના ચહેરા પર અને શરીર પર એસીડ ફેંકે છે. તેનો ચહેરો બદસુરત બની જાય છે. એક કાનની સર્જરી કરીને કાઢી નાખવો પડ્યો.

આ સમગ્ર પરિસ્થિતી દરમિયાન તે મજબૂત અને મક્કમ રહી. તેણીએ નક્કી કર્યું કે કોઈપણ સંજોગોમાં તે હિંમત હારશે નહીં. જેવી સ્વસ્થ થઈ કે તુરંત જ તેજાબી હુમલાને ભયંકર અપરાધ ગણવો જોઈએ તેવું અભિયાન શરૂ કર્યું. આ અંગે નેપાળમાં કાયદો બનવો જ જોઈએ એવું અભિયાન ચલાવ્યું અને વડાપ્રધાન ઓલીને પણ મળી.

તેણી સાથે બનેલી ઘટનાની વાત સાંભળી વડાપ્રધાને મુસ્કાનને વચન આપ્યું કે તેઓ તેજાબી હુમલાના કાયદાને માત્ર કડક જ નહીં બનાવે પરંતુ તેજાબના વેચાણ પર પણ પ્રતિબંધ લાવશે. પરિણામે નેપાળ સરકારે તેજાબી હુમલા સંબંધિક એક બિલ રજૂ કર્યું. જેમાં ગુનેગારને ૨૦ વર્ષની જેલનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો. એટલું જ નહીં પિડીતાની સારવાર, શિક્ષણ અને નોકરીની ખાતરીનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો.

આ કામ માટે અમેરિકા દ્વારા અપાતો ઈન્ટરનેશનલ વુમન ઓફ કરેજ એવોર્ડ–૨૦૨૧ થી મુસ્કાનને સન્માનિત કરવામાં આવી. સૌથી નાની ઉંમરે આ એવોર્ડ મેળવનારી મુસ્કાન નેપાળની પ્રથમ મહિલા છે.

કાશ.. મા–બાપ પુત્રી અને પુત્રવધૂ પાસેથી જે સંસ્કાર–ચારિત્ર્યની આશા રાખે છે તેવા સંસ્કાર પુત્રોને પણ આપે, જેથી કરીને આપણી બેટીઓ પર આવા તેજાબી હુમલા ન થાય.

અને છેલ્લા છપાક ફિલ્મનો એક હૃદયસ્પર્થી ડાયલોગ – કિતના અચ્છા હોતા અગર એસીડ બિકતા હી નહી, અગર મિલતા હી નહી તો, ફેંકતા ભી નહીં!!

# આપણે પણ આપણા થોડાંક દુર્ગુણોનું દહન કરીએ!!!



**- શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)**

વાતો કરવાની કળા તો આપણી દરેક બહેનોમાં જન્મજાત હોય છે. દીકરીઓ નાની હોય ત્યારથી જ બોલકી, વાતોડી હોય – પણ નાની ભોળી–ભાળી દીકરીઓની વાતો પણ ભોળી–ભોળી, નિખાલસ હોય છે. વાતો કરવાની આ ટેવ, કળામાં આંટીઘૂંટી આવે છે જ્યારે એ નાનકડી દીકરીઓ મોટી થાય છે ત્યારે...

... તું ગોળ–ગોળ વાતો ના કર, તારા મનમાં જે હોય તે સીધેસીધું – સમજાય એવું કહી દે... આ વાક્ય કદાચ દરેક સ્ત્રીએ સાંભળ્યું જ હશે. સ્ત્રીની આ ખાસિયત કહો કે માઈનસ પોઈન્ટ કહો, એ સર્વ સામાન્ય છે. સ્ત્રીની એક આદત છે કે તેને પોતાની વાત રજૂ કરવી હોય છે એ તેનો પોઈન્ટ કદાચ સામેની વ્યક્તિ નહીં માને, કન્સીડર નહીં કરે તે ખાસ કરીને પોતે જાણતી હોય તેવા સમયે તો તે ચોક્કસ સીધી વાતને આડી–અવળી કરીને તેને અત્યંત મઠારીને રજૂ કરે છે. તેની આ ગોળ–ગોળ વાતથી સામાન્ય વ્યક્તિ અને ખાસ કરીને સ્ત્રીનો પાર્ટનર તો અકળાઈ જ ઉઠે છે. પાર્ટનર પોતાની અકળામણ રજૂ કરે ત્યારે ગોળ–ગોળ વાત કરતી સ્ત્રીને માઠું લાગી જાય છે. અને ક્યારેક તો પાછી એ વાત પર પણ એક નવી બબાલ ઉભી થાય છે. મુળ વાત એક બાજુ રહી જાય છે. ખેર, આવી વાત અહીં કરવાનો મતલબ એટલો જ છે કે આપણે કોઈ અન્ય વ્યક્તિ પર દોષારોપણ બહુ જ આસાનીથી કરી શકીએ છીએ, પણ આપણી પોતાની અંદરના અમુક દુર્ગુણની જ વાત હોય ત્યારે આંખ આડા કાન થઈ જતાં હોય છે.

સ્ત્રીઓનો સૌથી સામાન્ય દુર્ગુણ હોય તો તે શંકા, જેલસી છે. તેના મનમાં બહુ જલદી શંકા ઉદ્‌ભવતી હોય છે. માન્યું કે શંકા કરવી, મનમાં ઉદ્‌ભવવી અમુક સમયે સારી છે, પણ દરેક વાતમાં કે પછી નાની–નાની વાતોમાં શંકા કરવાનો સ્વભાવ બની જાય તે ખોટું છે. ખાસ કરીને પાર્ટનર ઉપર વારંવાર શંકા જતાવવાથી ક્યારેક સંબંધમાં એક પ્રકારે ખટાશ આવી જાય છે. પાર્ટનર ઉપર વિશ્વાસ રાખવો. જેટલો વધારે વિશ્વાસ રાખશો તેટલો વિશ્વાસઘાત કરતાં તેને ડર લાગશે. અહીં કોઈપણ પ્રકારનો આંધળો વિશ્વાસ કરવાની વાત નથી. લગ્ન પહેલા જે સ્ત્રી પોતાના પાર્ટનર ઉપર અંધવિશ્વાસ કરતી હોય છે તે જ સ્ત્રી લગ્ન બાદ શંકા કરવા લાગે છે. વાત બેલેન્સ જાળવવાની છે, અતિ અંધવિશ્વાસ પણ ના મૂકવો કે અતિ શંકાના વમળમાં પણ ના ફસાવું જોઈએ.

સામાન્ય રીતે સાસુ–વહુના સંબંધમાં, દેરાણી–જેઠાણીના સંબંધમાં વાદ–વિવાદ વધારે જોવા મળતાં હોય છે. વહુ સાથે તો કામ બાબતે કે તેની રહેણી–કરણી બાબતે સાસુને હંમેશાં ફરિયાદ રહેતી હોય છે. એ જ સાસુ જ્યારે પોતાની દીકરી બાબતે વિચારે ત્યારે તે વિચાર તદ્દન અલગ જ હોય છે. સામે પક્ષે વહુનું પણ એવું જ હોય છે. એ પણ ક્યારેય મનથી સાસુને મા નું સ્થાન નથી આપી શકતી. જો કે આ બધી વાત થઈ બે દસકા પહેલાની. અત્યારે તો મોટા ભાગની દીકરીઓ પોતાની સાસુ સાથે મા થી પણ અદકેરો પ્રેમ કરીને રહે છે અને આ આજની સાસુમાં પણ મેં જે વેઠ્યું એ મારી વહુને નહીં વેઠવા દઉં, હું તેને મારી દીકરીની જેમ રાખીશ અને દીકરીની ભૂલોને માફ કરું છું, સમજાવું છું તે જ રીતે મારી વહુ સાથેનું વર્તન કરીશ. જો પોતાનામાં આ ગુણ ના હોય તો દરેક નાની–મોટી સ્ત્રીઓએ આ ગુણ કેળવવો રહ્યો અને પોતાના દુર્ગુણનું દહન કરવું જોઈએ.

એક મોટો દુર્ગુણ સ્ત્રીઓમાં દેખાદેખીનો રહેલો છે. બીજા કરતાં હોય તેને જોઈને પોતાને પણ એ કરવું જ હોય, પછી પોતાની શારીરિક, માનસિક કે સામાજિક સ્થિતી હોય કે ના હોય. આ તેનો સ્વભાવ ઘણીવાર બહુ મોટી સમસ્યા ઉભી કરી દે છે. મોટાભાગના દુ:ખનું કારણ સ્ત્રીઓની દેખાદેખીનો સ્વભાવ જ હોય છે. મારા આ

સગાએ કે આ મિત્રએ અડોશી–પડોશીએ આવું કર્યું કે પાંચ–સાત વર્ષે ફર્નીચર બદલ્યું કે પછી આઉટ ઓફ ઈન્ડીયા ફરવા ગયા તો આપણે પણ એવું કરવું જ પડે. બાકી પછી આપણા માટે લોકો શું વિચારે? બસ આ ખોટો દેખાદેખીનો વિચાર જ પોતાનો દુશ્મન બને છે. દેખાદેખીમાં અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ વાત સમજીને દેખાદેખી, ચડસાચડસીના દુર્ગુણથી દૂર રહેવું જ યોગ્ય છે. આ મનમાં ઉદ્ભવેલા દેખાદેખીના દુર્ગુણને – રાવણને બાળવો જ રહ્યો. હંમેશાં બીજા સાથેની દેખાદેખી, ચડસા–ચડસી માત્ર દુ:ખ જ આપે છે.

ઘણાને એવી ટેવ હોય છે કે કોઈના માટે નાની અમથી વાત સાંભળી નથી ને બીજા દસ જણને કહેવા લાગી જાય. જેની વાત હોય તેના સુધી પહોંચતા તો જાણે અર્ધા ગામને ખબર પડી ગઈ હોય... યાર પેલા મીનાબેન તો તારા માટે આવું બોલતા હતા કે મારાથી તો સંભળાયું જ નહીં,.... ઠીક છે, યાર એને ક્યાં કાંઈ આવડે છે? આ તો ઓળખાણથી જ આગળ આવી ગઈ છે... અરે એના ઘેર તો ક્યારેય પુરી રસોઈ જ નથી કરતી અને આ કેવી ફુલફટાક થઈને ફરે છે... મારી જેમ કાંઈ બનાવતાં જ ના આવડે કે પછી બનાવવાની જ આળસ... પછી બહારના જોમેટો, સ્વીગીના આંટાફેરા જ હોય...

આવી અનેકવિધ કૂથલી કરવાની આદતથી લગભગ દરેક સ્ત્રી પીડાતી જ પીડાતી હોય છે. પોતાને હાઈફાઈ કે પછી સોફેસ્ટીકેટેડ ગણાવતી સ્ત્રી પણ બીજાની સફળતાને તો સહન નથી જ કરી શકતી. આવી સ્ત્રીની અંદર પણ કુથલી અને બીજાની સફળતાને માટે અંદરથી બળતરા કરવાનો, જેલેસ–ઈર્ષા કરવાનો સ્વભાવ હોય છે જ. અરે મારી ઘણી બહેનો તો સુંદર મજાની તૈયાર થયેલી સ્ત્રી હોય, બ્યુટીશીયન પાસેથી મેકપ કરાવીને આવી જ હોય તો પણ તેના મોઢે થોડાં વખાણ કરી ધીમેથી કહેશે, આ નથી સારૂં લાગતું, ગળા પર તો મેકપ કર્યો જ નથી.. વિગેરે વિગેરે નુખ્સ કાઢશે કે પછી નાની અમસ્તી વાતને બહુ મોટી બનાવી ચગાવવાની આદત હોય છે. તો એવા બધા દુર્ગુણોનું દહન કરવું જ જોઈએ. બીજાની સફળતામાં દોષ જોવાને બદલે પોતે શેમાં સફળ થઈ શકે છે એ બાબતે વિચાર કરીને દોડવું જોઈએ. જો તમે સફળ વ્યક્તિની ઈર્ષા – અદેખાઈ કરવામાં જ પડ્યા રહેશો તો પોતાની સફળતાનો માર્ગ ક્યારેય નહીં શોધી શકો. માટે તમારા અંદર રહેલા આ છુપા શત્રુ સમાન દુર્ગુણોને જાણો અને તેને જડમૂળથી બહાર કાઢીને બાળી નાંખો – પછી જુઓ તમે સફળતાના શીખરો સર કરશો.

વાત માત્ર સમજણની જ છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ લાગણી બાબતે વધારે સમજદાર હોય છે. માત્ર સમજદારીને જ મુળ બનાવીને ચાલવામાં આવે તો સ્ત્રી પોતાની અંદર રહેલા અનેક દુર્ગુણોનું રાવણદહન કરી શકે છે. તેને કોઈ સમજાવટની કે સહારાની જરૂર નથી. એક જમાનામાં ઘરમાં પુરાયેલી – પડદામાં રહેતી સ્ત્રી આજે ટોચ ઉપર પહોંચી છે. સમાજના દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓએ પોતાનું ટોચનું સ્થાન હાંસલ કર્યું છે.

આવા સમયે સ્ત્રીઓએ પોતાની અંદર, સ્વભાવમાં રહેલ ઈર્ષા, કુથલી, ચાડી–ચુગલી, દેખાદેખી, સરખામણી, બડાઈ, આત્મવિશ્વાસનો અભાવ, પરપીડીત વૃત્તિનો આનંદ કે પછી પોતે જ સર્વગુણ સંપન્ન અને બીજી ભાજી–મુળા એ ખોટી સમજણ, અંદરનો ગુસ્સો, શંકા, અવિશ્વાસ જેવા અનેક દુર્ગુણોનો નાશ કરવો રહ્યો. મોટા પ્રમાણમાં રાવણદહન કરવું જરૂરી છે.

હવે સ્ત્રીને ખોટી જગ્યાએ, ખોટી વાતો સ્વીકારવાને બદલે અવાજ ઉઠાવવાનું કહેવામાં આવે છે. ત્યારે આવો સાચો અવાજ ઉઠાવવા માટે પણ પોતાના અંદરના દુર્ગુણોને જાણી તેનો નાશ કરવો જ પડશે. અને તે વાત એક સ્ત્રી જ કરી શકે છે. તો ચાલો જાગ્યા ત્યાંથી સવાર... આપણા સ્વભાવમાં રહેલા નાના–નાના દુર્ગુણને બાળવાનો – દહન કરવાનો પ્રયાસ ચાલુ કરી દઈએ. એમ કરતાં કરતાં તમારા મોટા દુર્ગુણો પણ ક્યારે દહન થઈ જશે તે તમને ખબર પણ નહીં પડે અને સાથે જ સન્માન, સફળતા, સ્વતંત્રતા અને પાવર તમને મળશે.

# અમૂલ્ય મંત્ર

- જયશ્રીબેન ઠાર (પૂના)



**રૂપ કા તુમ હો ખજાના, તુમ હો મેરી જાન હૈ માના,**
**લેકીન પહેલે દે દો મેરા, પાંચ રૂપિયા બારા આના...**

રેડીયામાં આ ગીત વાગતું હતું. તે સાંભળીને હું વિચારે ચડી ગઈ. આ પાંચ રૂપિયાનું મહત્ત્વ એ સમયે આપણી જિંદગીમાં કેટલું બધું હતું. પાંચ રૂપિયાની કિંમત એ સમયે આજના ૧૦૦ રૂપિયાથી પણ વધારે હતી. પાંચ રૂપિયા આપણી પાસે હોય તો એમ લાગતું, આહા... મારી પાસે તો ઘણા બધા પૈસા છે. ખીસા-ખર્ચી તો એ સમયે ન હતી. કોઈ મહેમાન આવ્યા હોય અથવા દિવાળી જેવા તહેવારમાં બોણી તરીકે હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકે તો લાગે આપણે તો પૈસાદાર બની ગયા. એ પાંચ રૂપિયાની નોટને એકદમ સાચવીને મૂકતા. જેમ કે એક મૂલ્યવાન હીરાનું જતન કરતા હોઈએ.

સમય જતા રૂપિયાની કિંમત ઘટતી ગઈ. આજે આપણે ભિખારીને પણ ૧ રૂપિયો ભીખમાં આપતા નથી. પાંચનો કોઈન આપો તો જ તેના મુખ ઉપર કંઈક સારા ભાવ જોવા મળે છે. પૈસાની કિંમત ઘટતી ગઈ છે, પણ જીવનનું મૂલ્ય વધી ગયું છે.

આપણા આજના જીવનમાં દેખાડો કરવો (શો-ઓફ) ખૂબ જ વધી ગયો છે. જીવન જરૂરિયાતની ચીજો કરતાં બીન જરૂરિયાત ખર્ચામાં પૈસા વધારે વપરાવવા લાગ્યા છે. ઘણીવાર તો દેખાડો (શો-ઓફ) કરવામાં પોતાની પહોંચ બહારના ખર્ચા કરતા અચકાતા નથી. તેના માટે ઉછીના કે ઉધાર લેવા પડે તો આસાનીથી લઈ લે છે. જ્યારે પહેલાનું સાદું જીવન સરળ હતું. વ્યવહાર પણ નાના હતા. કપડામાં પણ પૈસા એટલા નખાતા ન હતા. ખાવાનું પણ પૌષ્ટિક અને શક્તિવાળું ને ઘરનું જ રહેતું. હા, માત્ર ઘરેણામાં પૈસા નખાતા અને સાથે કહેતા કે આપણી પાસે પિત્તળીયું (સોનું) હશે તો અરધી રાત્રે કામ આવશે. મોટેરા શિખામણ પણ આ જ આપતા.

આ કોરોનાએ ભયંકર સમયે માનવીની આર્થિક, સામાજિક અને શારીરિક પરિસ્થિતી ઉપર એવો હુમલો બોલાવ્યો કે કોઈપણ મનુષ્ય પોતાની જાતને બચાવી શક્યું નથી. આ સમયનો પ્લસ પોઈન્ટ એ થયો કે તેણે આપણે બચત આપણને શબ્દનું મહત્ત્વ સમજાવ્યું. તમે થોડું વિચારીને જીવ્યા હોય, ખર્ચા કરતા પહેલા થોડો વિચારીને કર્યો હોય તો આજે એ બચત તમને એક તમારો સ્વજન તમારી પાસે ઉભો છે એવી રાહતની લાગણી આપે.

૧૯૯૦ પહેલા કે તે દરમિયાનના સમયમાં જન્મેલા લોકોને કરકસર એટલે શું તે સમજાતું હતું. કરકસર પણ જીવનનું મહત્ત્વનું પાસું છે. આજની આપણી જીવનશૈલીમાં આ શબ્દને ક્યાંય સ્થાન નથી. ખરેખર તો આ કરકસરના અર્થને આપણે આપણી જીવનશૈલીમાં થોડા અંશે પણ અપનાવ્યો હોત તો, આવી પડેલા અણધાર્યા સમયમાં ખૂબ જ મદદગાર બન્યો હોત. આજે જે આપણી પાસે છે અથવા કદાચ આવતીકાલે તે નહિ પણ હોય તે માટે આજનું આપણું એક પગલું વિચારીને આગળ માંડવું પડશે.

કોરોનાના કપરા કાળે આપણને બચત અને કરકસર આ બે શબ્દોનો અર્થ સમજાવ્યો છે. આપણી જીવનશૈલીમાં બચત અને કરકસર કેટલા જરૂરી છે તે જ્ઞાન આપ્યું છે.

આપણા ઘરોમાં પેઢીઓથી ચાલતું આવ્યું છે. સીઝનમાં આપણે આખા વર્ષનું અનાજ ભરી લઈએ છીએ. ઘઉં, ચોખા,બાજરી, સાકર, સર્વ પ્રકારની દાળ, અમુક કઠોળ વગેરે, તેલના ડબા સુધી ભરી લેતા. આમાં કારણ માત્ર એક જ હતું કે એકસાથે જથ્થાબંધ અનાજની ખરીદી કરી લઈએ તો બહુ જ સસ્તું પડે. વળી સિઝન હોવાથી વસ્તુ પણ ઉચ્ચ ક્વોલિટીની મળતી. સાથે સુંદર ભાવના એ હતી કે ઘર સદા ધનધાન્યથી ભરપૂર રહે. બીજી દ્રષ્ટિએ જોઈએ તો આ આપણી સુંદર ભાવના સાથેની એક પ્રકારની બચત જ હતી. જો કે આજે પણ આપણા ઘણાં ઘરમાં આ પ્રથા ચાલુ જ છે.

વર્ષ આખાના અનાજનાં સંગ્રહની આદતને લીધે કોરોના સમયમાં લોકડાઉનમાં લોકોના ઘરનાં ચૂલાને આંચ આવી નહી. ઘરમાં પૂરતા પ્રમાણમાં અનાજ, તેલ, સાકરનાં ડબા અને સૂર્યનારાયણનાં આકરા તાપમાં દાળની વડીઓ, બટેટાની વેફર્સ, પાપડ, ખીચીયા, મસાલા, અથાણાં બધું જ બનાવી ઘરનો સ્ટોરરૂમ ભરેલો હતો. આ આપણી બહેનોની મહેનતે અને આદતે લોકડાઉનમાં ઘર–પરિવારને નવી નવી ડીશ માણવાનો મોકો આપ્યો. આ પ્રથા અને સંસ્કૃતિને લીધે આપણે જિંદગીના ખરાબમાં ખરાબ સમયનો સામનો આસાનીથી કરી શક્યા છીએ.

આ આપણી ટેવ, પ્રથા, સંસ્કૃતિ કે સ્વભાવ જ આપણી મોટી બચત અને કરકસરનાં પ્રતિક બન્યા.

જીવનની દરેક પળે પૈસાને વાપરતા પહેલા તેની ઉપયોગિતા, તેની મહત્ત્વતા અને તેની જરૂરિયાત પ્રમાણેનો વિચાર કરીને તેનો વિનીમય કરીએ તો ચોક્કસ પૈસાની બચત આપોઆપ થશે.

આપણામાં કહેવત પણ છે – ટીપે ટીપે સરોવર ભરાય.

આનો અર્થ એમ નથી કે મોજ–શોખ કે આનંદ નહીં કરવાના. જરૂરથી જિંદગી માણવાની, જીવવાની અને અનુભવવાની.

બચત અને કરકસર જેવા શબ્દોનો અર્થ સમજીને તેને આપણા જીવનના શબ્દકોષમાં સ્થાન આપીએ તો લાઈફમાં આવતી કઠીન પરિસ્થિતીનો સામનો આપણે મજબૂત મનોબળથી કરી શકીએ.

જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ....

કોરોના જેવા રોગે આપણને જિંદગીમાં બચતનું મૂલ્ય સમજાવ્યું છે.

આજની નવી પેઢી કરકસર કે બચત શબ્દો ઉપર ગંભીરતાથી વિચારતી નથી અથવા એમ કહું કે તેઓ આ શબ્દોનું મહત્ત્વ સમજતા નથી.

જે યુવાનોની સર્વિસ ગઈ છે, તેના ઘરમાં કોરોનો જેવા રાક્ષસે માણસને ભરખી તો લીધો, સાથે તે ઘરને દેવાના દરિયામાં ડૂબાડતો ગયો છે, જેઓના ધંધા બંધ થઈ ગયા છે, પૈસા માટે મોહતાજ છે, જિંદગી કઈ રીતે પાટે લાવવી એક સવાલ બની ગયો છે, એ બધાએ થોડી પણ બચત કરી હશે તો એ એમનો સહારો બન્યો હશે. તેઓને કરકસરની વ્યાખ્યા પણ સમજાવવા લાગી હશે.

ઘણાના સ્વભાવમાં જ હોય છે કે હોય ત્યારે ઈદ અને બાકી રોજા. આ કોરોના કાળે આ લોકોને પણ સ્વભાવ બદલવા મજબૂર કરી દીધા છે.

મનુષ્યના જીવનમાં બચત અને કરકસર આ બે એવા અમૂલ્ય મંત્ર છે કે જેણે તેને અપનાવ્યો છે તે હંમેશાં ધનવાન રહે છે. સદા ધનવાન રહે છે.

# વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)



## ફેરોરો રોચર

**સામગ્રી :** ૧૦૦ ગ્રામ કાજુ, ૫૦ ગ્રામ હેઝલનટ (છોલેના ચણા જેવા દેખાય તેવા સફેદ કલરના આવે), ૩ થી ૪ ચમચી ન્યુટેલો (જે ચોકલેટ હેઝલનટ ફ્લેવરનું બટર જેવું હોય), ૧૫૦ ગ્રામ મિલ્ક કમ્પાઉન્ડ ચોકલેટ, વેફ્લ્સ સેલ્સ (નાના દીવડાના શેઈપમાં વેફર્સ મળે)

**રીત :** કાજુ ૨ ચમચી હેઝલનટનો અધકચરો કણી રહે તેવો ભૂકો કરી લેવો. બાકીના હેઝલનટ બાઉલમાં સ્ટફીંગ માટે રાખવા.

બાઉલમાં ચોકલેટના સ્લેબના ટુકડા કરી ૩૦ સેકન્ડ હાઈપાવરમાં માઈક્રો કરી ખૂબ હલાવવી.

ન્યૂટેલા ૪ ચમચી અને ૪ મેલ્ટેડ મિક્સ કરવી. વેફર્સ સેલ્સમાં મિશ્રણ કરી, વચ્ચે હેઝલનટ ભરી, બીજા સેલમાં મિશ્રણ ભરી, બંને સેલ્સ ભેગા કરી, હલકા હાથે પ્રેસ કરી, આ રીતે બધા સેલ્સ તૈયાર કરી ફ્રીજમાં એક કલાક સેટ કરવા મૂકવા.

મેલ્ટેડ ચોકલેટમાં કાજુ અને હેઝલનટનો અધકચરો કણીદાર પાવડર મિક્સ કરી સરખી રીતે મિક્સ કરવું.

તૈયાર કરેલા બોલ્સ પર ચોકટેલવાળું કોટીંગ કરી એક હાથમાં ચમચી અને બીજા હાથમાં કાંટા ચમચી વડે બોલ્સ બધા ડીપ કરી, બટર પેપર પર ડીશમાં ગોઠવી, બે થી ત્રણ કલાક સેટ કરી, ગોલ્ડન ફોઈલ પેપરમાં રેપ કરી ગીફ્ટ કરી શકાય.

નોંધ: હેઝલનટ ન મળે તો બદામની છાલ કાઢી ટુકડા કરી લઈ શકાય.

કાજુ કણી તૈયાર મળે છે તે પણ ચાલે. કોટીંગમાં કણીથી ખૂબ સરસ દેખાવ લાગશે.

## જૈન મેગી મસાલા

**સામગ્રી :** બાઉલમાં ૨ ટે.સ્પૂન ધાણા, ૨ ટે.સ્પૂન જીરૂ, ૧ ટે.સ્પૂન સાકર, ૧ ટે.સ્પૂન કોર્નફ્લોર, ૩ ટી.સ્પૂન કાશ્મીરી મરચુ, ૨ ટે.સ્પૂન ગરમ મસાલો, ૧ ટી.સ્પૂન આમચૂર પાવડર, ૧ ટી.સ્પૂન મીઠું, ૧ ટી.સ્પૂન મરી પાવડર, અડધી ચમચી સૂંઠ પાવડર, અડધી ચમચી સંચળ પાવડર, ૦ાા ચમચી હીંગ, ૦ાા ચમચી હળદર

**રીત :** બધી જ વસ્તુ મિક્સ કરી, મિક્સરમાં પીસી લેવું. ફ્રેન્કી ડીપ, સેન્ડવીચ વગેરેમાં વાપરી શકાય.

૬ મહિના સુધી એરટાઈટ બોટલમાં સારો રહેશે.

## સૌભાગ્ય સૂંઠ

**સામગ્રી :** ૫૦ ગ્રામ સૂંઠનો પાવડર, ૫૦ ગ્રામ બદામ, ૫૦ ગ્રામ પિસ્તા, તજ, સફેદમરી, પીપરી મૂળ – બધું ૫ ગ્રામ, ૧૦ ગ્રામ એલચી, જાયફળ ૧ નંગ, જાવંત્રી ૧ ગ્રામ, કેસર ૧ ગ્રા. ૧૦૦ ગ્રામ માવો, ૨૫૦ ગ્રામ દળેલી સાકર, ૧૫૦ ગ્રામ ઘી

**રીત :** સૂંઠના પાવડરને ધીમો સાધારણ શેકવો. બદામ પીસ્તાનો ભૂકો નાખી હલાવવું. માવો મિક્સ કરી હલાવું. ખાંડની બે તારની ચાસણી કરવી. કેસર એલચી પાવડર પધરાવતા બધા વસાણા સાધારણ શેકી, બારીક

ભૂક્કો કરી મિક્સ કરવું. થોડીવાર હલાવવું. થોડું ઠંડું થાય પછી ઢાળી લેવું. ટુકડા કરી લેવા.

નોંધ: મધ પણ મિક્સ કરી શકાય.

નોંધ: સૌભાગ્ય સુકમા રાઈના દાણા જેટલી બરાસ (ભીમસેની કપૂર) પણ વાપરી શકાય.

## બાજરીના ઢોસા

**સામગ્રી :** ૧ બાઉલ બાજરો, ૦। બાઉલ અડદની દાળ, ૨ ચમચી પૌઆ, ૨૦–૨૫ દાણા મેથી, અડધો કપ બ્લાન્ચ કરેલી પાલક, ૨ ચમચી લસણની પેસ્ટ, ૩ તીખા લીલા મરચા, ૪ ચમચી સમારેલી કોથમીર, ૨ ચમચી સાંભાર મસાલો, બટર અથવા તેલ, એકદમ બારીક સમારેલા લીલી ડુંગળીના પાન અને કોથમીર.

**રીત :** બાજરો ધોઈને રાત્રે પલાળી દેવો. સવારે અડધની દાળ ધોઈ, મેથીના દાણા, પૌઆ સાથે ત્રણ કલાક પલાળવું.

બધું મિક્સ કરી મિક્સરમાં એકદમ બારી પીસી લેવું.

૫ થી ૬ કલાક ખીરાને ઢાંકી રાખવું.

નોનસ્ટીક લોઢીમાં બટર લગાડી, ઢોસાનું ખીરૂં પાથરી, લીલી ડુંગળીના પાન, કોથમીર અને સાંભાર મસાલો છાંટી કડક પડ થવા દેવું

ઈચ્છા હોય તો ચીઝ પણ લઈ શકાય.

# કહેવત કથા

## જસ્ટ, એક મિનીટ

એક ખેડૂતના ઘરે મહેમાન આવ્યા. ખેડૂત ખેતરે ગયો હતો. ખેડૂતની પત્નીએ મહેમાનને આવકારીને કોઈ સાથે કહેણ મોકલીને ખેડૂતને ઘરે બોલાવ્યો.

ખેડૂત ઘરે આવ્યો. સાથે એનો કૂતરો પણ હતો. કૂતરો હાંફી રહ્યો હતો. આથી મહેમાને પૂછ્યું: શું તમારૂં ખેતર અહીંથી બહુ દૂર છે?

ખેડૂત કહે: ના, નજીકમાં જ છે.

મહેમાન કહે: મને નવાઈ એ વાતની લાગે છે કે તમે અને તમારો કૂતરો સાથે જ ઘેર આવ્યા. છતાં તમે જરા પણ થાકેલા લાગતા નથી અને આ તમારો કૂતરો તો જુઓ. કેટલો બધો હાંફી રહ્યો છે!!!

ખેડૂત કહે: કૂતરો ખેતરેથી મારી સાથે જ ઘેર આવવા નીકળ્યો હતો. હું સીધે રસ્તે ઘેર પહોંચી ગયો, પણ મારો કૂતરો એની આદત મુજબ રસ્તામાં બીજા કૂતરાને જોઈને એને દૂર ધકેલી દેવા એની પાછળ પડે. વળી, ભસતો ભસતો મારી સાથે થઈ જાય. ફરી કોઈ કૂતરાને જુએ એટલે ભસતા ભસતા એની પાછળ પડે. એની આ કાયમની આદત છે. આવી સતત ભાગદોડ અને એકધાર્યા ભસતા રહેવાને કારણે આમ ને આમ થાકી જાય અને ઘેર પહોંચે ત્યારે હાંફવા લાગે.

આવી જ પરિસ્થિતી ઘણા માણસોની પણ હોય છે ને?? કોઈ પણ ધ્યેય સિદ્ધ કરવાનું એટલું મુશ્કેલ હોતું નથી, પરંતુ ધ્યેયપ્રાપ્તિના સીધા માર્ગે જઈ રહેલી વ્યક્તિ નેગેટીવ માણસોના સંપર્કમાં આવતા એના પ્રભાવમાં આવી જઈને ભટકી જાય છે. આવી વિચલીત વ્યક્તિ જલ્દીથી થાકી–હારીને પ્રયાસો પડતા મૂકે છે. કોઈપણ પ્રકારની નેગેટિવીટી આપણી ઉર્જાને વેડફી નાખે છે ને દિશાવિહીન બનાવે દે છે. બહેતર એ છે કે લક્ષ્યપ્રાપ્તિના માર્ગ પર એકાગ્ર રહેવાથી ધારેલી મંજિલે આસાનીથી પહોંચી શકાય છે.

- સૌજન્યઃ રાજુ અંધારિયા (ચિત્રલેખા)

# બાળ વિભાગ



- શ્રીમતી સેજલબેન એ. પરીખ
(ભાવનગર)

## વિમાની છત્રી કેવી રીતે કામ કરે છે?

વિમાનમાંથી છત્રીસૈનિકો વિમાનમાથી પેરેશૂટ એટલે કે વિમાનીછત્રી લઈને કૂદકો મારે ત્યારે શું બને છે? વિમાનીછત્રી કેવી રીતે ખૂલીને કામ કરતી થઈ જાય છે?

ધારો કે વિમાન ૩૦૦૦ મીટરની ઉંચાઈએ ઉ ડી રહ્યું છે અને છત્રીસૈનિક પીઠ પાછળ વિમાનીછત્રી બાંધીને કૂદી પડે છે. જ્યાં સુધી હાથ લંબાવીને દોરી ખેંચીને ગાંઠ છોડે નહીં ત્યાં સુધી તે મુક્ત રીતે પૃથ્વી તરફ પડતો રહેશે. તેણે ૩૦૦૦ મીટરની ઉંચાઈએથી કૂદકો માર્યો હોવાથી તે કલાકના ૧૮૫ કિલોમીટરની ઝડપે ધરતી તરફ પડતો રહેશે. વિજ્ઞાનના નિયમ મુજબ છત્રીસૈનિકે પોતાના પતનની ઝડપ સૌથી વધુ બને અને ધમસમતા વિમાનની તે દૂર જતો રહે તે પછી જ તેણે વિમાનીછત્રી ખોલવી જોઈએ, નહીંતર તે વિમાનની પાછલી પાંખ કે પૂંછડી સાથે અથડાઈને માર્યો જાય અને જો ધરતી તરફ પોતાના પતનની ઝડપ વધુમાં વધુ થઈ ન હોય તો વિમાનીછત્રી પૂરેપૂરી ખૂલે નહીં. જો એવું બને તો વિમાનીછત્રીની દોરીઓ એકબીજામાં ભેરવાઈને ગૂંચવાઈ જાય. આમ બને તો છત્રીસૈનિક પથ્થરની જેમ ધરતી પર પટકાઈ પડે.

છત્રીસૈનિક વિમાનથી દૂર ફંગોળાઈ ગયા બાદ અને પતનની વધુમાં વધુ ઝડપ મેળવ્યા બાદ પેરેશૂટને બાંધી રાખનાર દોરી ખેંચે કે તરત તે ધુમાડાની જેમ હવામાં ફેલાઈ જાય છે. પતનની ઝડપ વધુમાં વધુ હોવાથી વિમાનીછત્રીમાં પવન એવો તો વેગપૂર્વક ભરાય છે કે પેરેશૂટ આ રીતે ફેલાય છે.

એકાદ માણસે જ વિમાનમાંથી નીચે ઉતરવું હોય તો એક જ વિમાનીછત્રી વપરાય છે. પણ જો તમારે પેટીઓ, શસ્રસરંજામ ઉતારવા હોય તો એ માટે દસ મીટર કરતાં પણ પહોળી અને એથી પણ વધુ લાંબી પેરેશૂટ વપરાય છે. આવી વિમાનીછત્રીની ટોચ ઉપર બીજી નાની પેરેશૂટ હોય છે. જે પાઈલટ સ્યૂટ કહેવાય છે. આ નાની વિમાનીછત્રીમાં હવા પહેલાં ભરાય છે અને તે હવા વેગપૂર્વક ફેલાય છે. તેના આ વેગને કારણે તેની નીચે રહેલી મુખ્ય પેરેશૂટ ખૂલે કે તરત પવનનો વેગ કલાકના ૧૮૫ કિલોમીટર પરથી ઘટીને કલાકના ૮ થી ૧૨ કિલોમીટર થઈ જાય છે. વિમાનીછત્રી ધુમાડાની જેમ ફેલાઈને ખૂલતા વેંત તે એક મોટો આંચકો અનુભવે છે, જે ઓપનીંગ શોક તરીકે ઓળખાય છે. આ આંચકો જેમ પ્રબળ તેમ પતનનો વેગ ઝડપથી ઘટે છે.

પરંતુ ઝડપ તોડી નાખનાર આ આંચકાની તીવ્રતાનો આધારમુક્ત પતનની ઝડપ, પેરેશૂટનો વિસ્તાર અને મજબૂતાઈ તથા હવાની ઘનતા પર છે.

એટલું યાદ રાખજો કે વિમાનીછત્રી ન ખૂલવાની શક્યતા ૧ લાખ વિરૂદ્ધ ૧ ની જ હોય છે. એવો અકસ્માત તો અપવાદરૂપે જ બને છે. વિમાનીછત્રી એટલી બધી આધારભૂત છે કે ટનના હિસાબે વજન ધરાવતા એપોલોયાન પણ ચંદ્ર પરથી પાછા ફર્યા બાદ વિમાનીછત્રી વડે જ ઉતરાણ કરતા. આ માટે તેઓ ત્રણ વિશાળ કદની પેરેશૂટ વાપરતા.

## કોલસો કેવી રીતે ઘડાય છે?

પૃથ્વીના લાંબા ઈતિહાસમાં કોલસાનું ઘડતર વિવિધ સમયે થયું હતું. કોલસાના ઘડતરમાં મોટા તબક્કાને પેનિસિલ્વેનિયમ પિરીયડ કહેવામાં આવે છે. આ તબક્કો ૨૫,૦૦,૦૦,૦૦૦ વર્ષ પહેલા આવ્યો અને એ ગાળો ૩,૫૦,૦૦,૦૦૦ વર્ષ સુધી ચાલ્યો. બીજા તબક્કાઓ ૧૦,૦૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ પહેલાં આવ્યા, જેમાં ભૂતળમાં કોયલો ઘડાયો.

આ સમય દરમિયાન શું બન્યું? અને કેવી રીતે કોલસો ઘડાયો? કોલસો એ લાખો વર્ષ પહેલાં પણ ઉષ્ણ અને ભેજવાળી હવામાં ઉગેલી વનસ્પતિઓનો અવશેષ છે. પૃથ્વી પર પથરાયેલાં ભેજયુક્ત ખાબોચિયામાં પેદા થયેલી વનસ્પતિ અને આસપાસ ઉગેલાં વૃક્ષો આ ખાબોચિયા અથવા ખાડાઓમાં સૂકાઈને પડતા અને ડૂબી રહેતા. જો આ વનસ્પતિને હવા લાગી હોત તો તે ખવાઈ ગઈ હોત. પણ તેને બદલે તે પાણીમાં ડૂબેલી રહી. તેના લાકડાનો અમુક અંશ બેક્ટ્રિયા દ્વારા ગેસમાં પરિણમ્યો. આ ગેસ છૂટો પડીને હવામાનમાં ફેલાઈ ગયો અને ત્યાં કાળો થઈ ગયેલો વનસ્પતિનો જથ્થો એમને એમ રહ્યો. જેમાંનો મોટો ભાગ કાર્બન હતો. આ કાર્બન પાછળથી કોયલામાં પરિણમ્યો. ધીમે ધીમે એ વનસ્પતિના જથ્થામાં સંઘરાયેલો ભેજ આ માટી અને રેતીમાં ચુસાતો ગયો અને પાણી અને વનસ્પતિનો આ સંગ્રહ ઉપરના દબાણને કારણે કાદવ જેવો ઘટ્ટ બન્યો. જેમ જેમ ઉપરથી દબાણ વધતું ગયું તેમ તેમ તેની પ્રવાહિતા, ભેજ ચાલ્યા જવાને લીધે વધતી ગઈ અને એ ઘટ્ટ પ્રવાહી સખ્ત થઈ ગયો અને તેમાં મોટા ભાગે કાર્બન હોવાથી તેનો કોલસો બન્યો. ઘણી જગ્યાએ આવી જ પરિસ્થિતી ફરીથી ઉપરની સપાટીમાં શરૂ થઈ અને કોલસાનો બીજો થર બન્યો. આમ કોલસાના એક પછી એક થર બન્યા. એ થરની વચ્ચે વચ્ચે માટી અને રેતીના થર રચાયા. લાકડામાંથી કોલસો ઘડાવાની પ્રક્રિયા ઘણાં હજાર વર્ષોની હોય છે. પણ લાકડામાંથી કોલસો ઘડાયો છે, તેના તદ્દન દાર્શનિક પુરાવા કોલસામાંથી કોઈને પણ દેખાય તેવા હોય છે. ઘણી વાર કોલસાની વચ્ચેથી લાકડાની છાલ અથવા ડાળીઓની છાપ ઉપસી આવે છે. એટલું જ નહીં કાર્બનમાં પરિવર્તીત થયેલા ડાળા અને પાંદડાનાં હાડપીંજરો પણ દેખાય છે.

## જ્હોન ડાલ્ટન (જન્મઃ ઈ.સ. ૧૭૬૬, મૃત્યુઃ ઈ.સ. ૧૮૪૪)

જ્હોન ડાલ્ટનનો જન્મ ઈ.સ. ૧૭૬૬ માં ઇંગ્લેન્ડના એક ગામડામાં એક વણકરને ત્યાં થયો હતો. તે અભ્યાસમાં ખૂબ જ રૂચિ ધરાવતા અને ગણિતશાસ્ત્રમાં અસાધારણ પ્રતિભા ધરાવતા હતા. તેમને પ્રથમ તો ઋતુઓનો અભ્યાસ કરવાનો શોખ જાગ્યો અને ઋતુઓ તથા મોસમ સંબંધી માહિતી મેળવવા તેમણે પ્રયોગો કર્યા. વાયુશાસ્ત્રના અધ્યાયને તેમણે દ્રવ્યોના સંબંધમાં પ્રયોગો કરવા માટે પ્રેરણા આપી. પ્રાચીન ગ્રીસના વૈજ્ઞાનિકોના અણુવિષયક ખ્યાલે વધુ પ્રભાવિત કર્યા.

તેમણે જુદા જુદા પ્રદેશોના અલગ અલગ હવામાનમાંથી વાયુઓ એકઠા કર્યા અને તેના પર પ્રયોગો કરી સાબિત કર્યું કે એક વાયુનો કણ બીજા વાયુના કણને નહીં પણ ખુદના જ કણને આઘો ખસેડે છે.

ડાલ્ટને રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરી તેનું વિશ્લેષણ કર્યું અને એવા તારતમ્ય પર આવ્યા કે ભૌતિક કણોને જોડવાનું તથા તોડવાનું કામ રસાયણ કરે છે. કણ મૂળભૂત રીતે અભેદ્ય હોય છે. ડાલ્ટને જુદા જુદા ઘટકો બનાવવામાં કઈ વસ્તુ કેટલા પ્રમાણમાં જોઈએ તે પણ શોધી કાઢ્યું.

તેમના પરમાણુ સિદ્ધાંત મુજબ અલગ વસ્તુઓના પરમાણુઓની જુદી જુદી વિશેષતાઓ હોય છે.

રાસાયણિક પ્રયોગો દ્વારા જે પ્રક્રિયાઓ થાય છે. તેમાં પરમાણુઓ જ સક્રિય હોય છે. તેમાં પરમાણુઓની મૂળ રચનામાં કોઈ ફેરફાર થતો નથી, પરમાણુઓનું નિર્માણ કે વિનાશ થતો નથી. આનું પરિણામ એ આવ્યું કે ભૌતિક અને રસાયણ એ બંને શાસ્ત્રો ખૂબ નિકટ આવી ગયાં અને તેથી પ્રત્યેક વસ્તુ અથવા દ્રવ્યમાં ઉર્જાશક્તિ છે તેનો ખ્યાલ આવ્યો.

ડાલ્ટનના આ પરમાણુ સિદ્ધાંતે પ્રાચીન વૈજ્ઞાનિકોની કલ્પનાને વધુ દ્રઢ કરી વિજ્ઞાનજગતમાં અનોખું પ્રદાન કર્યું. ઈ.સ. ૧૮૪૪ માં તેમનું મૃત્યુ થયું.

# સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ

### (૧) દવામાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી :

"સ્વર્ણિમ સ્વાસ્થ્ય યોજના" અંતર્ગત સંસ્થાના કોઈપણ સભ્ય દવાના બીલમાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી યોજનાનો લાભ લઈ શકે છે. આ માટે સંસ્થાએ "Eswasthya Mediserve Pvt. Ltd." સાથે એમઓયુ કરેલ છે. તેઓને ૦૭૯-૪૮૪૮૪૮૪૮ ઉપર વ્હોટ્સઅપ દ્વારા પ્રિસ્ક્રીપ્શન મોકલવાથી જરૂરી દવા ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી મેળવી શકશો. બીલનું પેમેન્ટ દવાની ડિલીવરી સમયે આપવાનું છે. આ અંગેની વિગતવાર માહિતી સ્નેહસેતુના સપ્ટે. ૨૦૨૦, અંક-૪૫ માં પ્રકાશિત કરેલ છે. આમ છતાં વધુ માહિતી કે માર્ગદર્શનની જરૂરી હોય તો કોઈપણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો. વધુમાં વધુ પરિવારો આ યોજનાનો લાભ લે તેવી આશા છે.

### (૨) દવાના બીલમાં ૫૦% રોકડ સહાય :

સંસ્થાના જરૂરિયાતમંદ પરિવારોને દવાના બીલમાં ૫૦% રોકડ સહાયની યોજના નિયમીત ચાલે છે. આ લાભ લેવા દવાના બીલો વ્હોટ્સઅપ દ્વારા શ્રી દિલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦ ૩૬૫૩૧) ને મોકલવા. તેઓ જરૂરી કાર્યવાહી કરીને દવાના નેટ બીલની ૫૦% રકમ તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી આપશે.

### (૩) શૈક્ષણિક સહાય:

આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારના ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓને મેરીટ આધારિત અપાતી નિયમીત સ્કોલરશીપ આપવાનું ચાલુ છે. જરૂરિયાતમંદ પરિવારના બાળકો આ બંને યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે છે. આ માટેના ફોર્મ કોઈપણ ટ્રસ્ટી પાસેથી મેળવી શકશો અને ફોર્મ ભરીને તેઓને પરત આપી શકશો.

### (૪) મુંબઈ સ્થિત બંને ટ્રસ્ટ તરફથી મળતી શૈક્ષણિક સ્કોલરશીપ :

જરૂરિયાતમંદ પરિવારના ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ મેળવી શકે છે. આ માટેના ફોર્મ પણ સંસ્થાના કોઈપણ ટ્રસ્ટી પાસેથી મળી શકશે. જે મેળવી જરૂરી માહિતી ભરી તેઓને પરત પહોંચાડી શકશો.

### (૫) ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન :

સંસ્થાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોનની યોજના ચાલુ છે. હવેથી દર વર્ષે બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ ઉપલબ્ધ થશે. આ લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ સંસ્થાનો સંપર્ક કરવો.

## હાસ્યનો હોજ

સાહેબે એક ટેણીયાને એક
ઝાપટ મારી ને કહ્યું :
ભવિષ્યકાળ બતાવ.
ટેણીયો: રીસેષમાં તમારા
હોન્ડામાં હવા નહીં હોય.

દૂધ સી સફેદી
ફોટો એડીટીંગ સે આયે.
કાલી કાલી લડકીયાં ભી
ખીલ ખીલ જાયે...

તમે ઈલેક્ટ્રીક વાયર આટલા
ઉંચે કેમ રાખો છો?
અમારા બૈરાઓ તેના ઉપર
કપડાં ન સૂકવે એટલા
માટે..

# શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૨૧૪૪૩૪૩

## સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા–ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામઃ ..................................................................................................

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતનઃ .................... મો.નં.: ..................... ઈ–મેઈલઃ .................................

રહેણાંકનું પૂરૂં સરનામુંઃ ...........................................................................

..................................................................................................

વ્યવસાય / નોકરીઃ ..................................................... ટે.નં.: ..........................

વ્યવસાયનું સરનામુંઃ ..............................................................................

..................................................................................................

પરિવારની કુલ સભ્ય સંખ્યાઃ પુરૂષ ............ મહિલા ............ (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ............

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ..........................................................

---

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગતઃ .....................................

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામઃ .........................................................

સભાસદનો સભ્યપદ નં.: ............................... સભાસદનો મો.નં.: ...............................

સભાસદનું પૂરૂં સરનામુંઃ ..........................................................................

---

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા.: .............................. આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગતઃ .............................................................)

**નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.**

---

તારીખઃ ................ અરજદારની સહીઃ ..................................

સભ્યપદ મંજૂર / નામંજૂર .................... તારીખઃ ..................

**સંસ્થાના પદાધિકારીની સહી**

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

*Since 1969*

**SHREE GANESH** ™

# ૫૦ વર્ષનો અતુટ વિશ્વાસ

## આજ કા સ્વાદ કલ કી સુરક્ષા




હિંગ | કાશ્મીરી મરચું | મરચું | હળદર | ધાણાજીરૂ

# HARIHAR FOODS PVT. LTD.

**(An ISO 22000:2005 Certified Company)**

519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad

www.shreeganeshmasala.com • Like us on




# ડો. પરીન દિપકભાઈ પટેલ

**MBBS MS FHNS**

## મોઢા અને ગળાના કેન્સર સર્જન

(કન્સલટન્ટ હેડ એન્ડ નેક કેન્સર સર્જન
HCG કેન્સર સેન્ટર, અમદાવાદ)

ASTHA Oncology Associates

Fellow IFHNOS - MSKCC USA
ટાટા મેમોરિયલ (મુંબઈ)
AIMS (કોચી)

મોઢા અને ગળાના દરેક પ્રકારના કેન્સર જેવા કે,

- ગલોફાના
- જીભ
- ટોન્સિલ (કાકડા)
- થાઈરોઈડ ગ્રંથિ
- પેરોટિડ (લાળગ્રંથિ)
- સ્વરપેટી
- નાક, કાન અને સાયનસને

લગતા તમામ કેન્સરની સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ...

જ્ઞાતિજનો માટે સાચી સલાહ, સચોટ નિદાન તેમજ વ્યાજબી સારવાર
અત્યંત આધુનિક અભિગમથી...

... સંપર્ક ...

HCG adding life to years

**HCG કેન્સર સેન્ટર,**
સોલા બ્રિજ પાસે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ.
Mo. No. 9898901813 / 9898767537
E-mail : parinqp2002@gmail.com